RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR www.aaspassdaily.com

LEELA WORLD WIDE લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૧૨ મંગળવાર તા.૦૮-૦૯-૨૦૨૬ અંક : ૨૫૮ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# NAMO 4VIKSIT BHARAT

@VADODARA



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીના
## વરદ હસ્તે વડોદરા ખાતે
# ₹ ૩૫,૨૦૦ કરોડથી વધુના

**જન-કલ્યાણકારી- બહુઉદ્દેશી વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત**

**તારીખ : ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ | સમય: સવારે ૧૦:૩૦ વાગે**

સ્થળ: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ગ્રાઉન્ડ , વડોદરા

## માનનીય વડાપ્રધાનશ્રીને "સ્વચ્છતા થી સ્વાગત" થકી આવકારે છે ગુજરાત

### લોકાર્પણ

વડોદરા-પૂર્વના ૧.૧૦ લાખ નાગરિકોને પીવાનું પાણી મળતાં આરોગ્ય અને જીવનધોરણ ઉન્નત બનશે

આજવા ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતા ધરાવતા નવા જળ ઈન્ટેકથી ભવિષ્યની જરૂરિયાત પૂરી થશે

ખાનપુર સેવાસી ખાતે ૨૭૦ નવાં આવાસથી ઘરનું સ્વપ્ન થયુ સાકાર.

ભરુચ જિલ્લામાં જંબુસર-ટંકારી-દેવના રોડના પુન: બાંધકામથી માળખાગત સુવિધામાં વધારો થશે

મહીસાગર જિલ્લામાં કડાણા ડેમ પર ૧૧૦ મે.વો. ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટથી ગ્રીન ગ્રોથને વધુ ગતિ મળશે

વડોદરાથી ટાંડા રોડ (મધ્ય પ્રદેશ) વચ્ચે નવી ટ્રેનની શરૂઆતથી કનેક્ટિવિટી વધશે

### ખાતમુહૂર્ત

રિંગ રોડ ફેઝ-૨ અંતર્ગત ૧૭.૫૬ કિ.મી. રોડ બનશે, જેનાથી નાગરિકોની સફર વધુ સુવિધાજનક બનશે

વિશ્વામિત્રી નદી ઊંડી કરવાના કામનું ખાતમુહૂર્ત

મહાનગરપાલિકાના નવા વહીવટી ભવનથી નાગરિકોને જનસુવિધાઓ સરળતાથી મળશે

વડોદરા રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં. ૭ પર બુલેટ ટ્રેન સ્ટેશનના થકી શહેરને મળશે હાઈ-સ્પીડ કનેક્ટીવિટી

આજવા સફારી પાર્ક અને કમાટી બાગમાં મગર આકારનો પુલ આપશે વડોદરાને નવી વૈશ્વિક ઓળખ.

**"વડોદરાનો આ સર્વાંગી વિકાસ એ માત્ર એક શહેરની પ્રગતિ નથી, પરંતુ તે ગુજરાતની ગતિ અને 'વિકસિત ભારત' ના ભવિષ્યની મજબૂત આધારશિલા છે."**

**હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**



GUJARAT'S GROWTH
INDIA'S FUTURE.



### સેવા, સ્વચ્છતા અને જનભાગીદારીનું એક વર્ષ

# કેન્દ્રીય રાજ્ય મંત્રી બાંભણિયાની પહેલથી ભાવનગરમાં 'પ્લાસ્ટિક મુક્ત બીચ' અભિયાન બન્યું જનઆંદોલન

**પ્રધાનમંત્રી મોદીના 'સ્વચ્છ ભારત, સ્વચ્છ સાગર'ના સંદેશમાંથી પ્રેરણા લઈને ગત વર્ષે કોળિયાક તટ પરથી થઈ હતી શરૂઆત**

## એક વર્ષમાં વિદ્યાર્થીઓ, યુવાનો, જનપ્રતિનિધિઓ અને સ્થાનિક નાગરિકોના શ્રમદાનથી ભાવનગરના વિવિધ દરિયાકાંઠે ચાલ્યું નિરંતર સ્વચ્છતા અભિયાન





ભાવનગર,તા.૮

ભાવનગરના સાંસદ અને ભારત સરકારના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન જયંતીભાઈ બાંભણિયા દ્વારા પોતાના જન્મદિવસે લેવાયેલા સેવા, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના સંકલ્પને ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના 'સ્વચ્છ ભારત, સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર'ના સંદેશથી પ્રેરણા લઈને ગયા વર્ષે ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ભાવનગરના ઐતિહાસિક કોળિયાક દરિયાકાંઠેથી 'પ્લાસ્ટિક મુક્ત બીચ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પહેલ યુવાનોને સકારાત્મક રીતે રાષ્ટ્રનિર્માણ સાથે જોડવા, આપણી સમૃદ્ધ નૈસર્ગિક વિરાસતને સમજવા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી હતી. આ સંકલ્પ અંતર્ગત ભાવનગરના વિવિધ દરિયાકાંઠાના વિસ્તારોમાં દર મહિનાના છેલ્લા રવિવારે સ્વચ્છતા અભિયાન ચલાવીને શ્રમદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જે આજે એક વ્યાપક જનઆંદોલનનું રૂપ લઈ ચૂક્યું છે.

આ એક વર્ષની યાત્રા દરમિયાન ભાવનગરના અનેક પ્રમુખ દરિયાકાંઠા અને જળ વિસ્તારોને પ્લાસ્ટિક તેમજ કચરામુક્ત કરવાનું કાર્ય કરવામાં આવ્યું:

૦૮ સપ્ટેમ્બર ૨૦૨૫: કોળિયાક બીચ, ૨૬ ઓક્ટોબર ૨૦૨૫: કૂડા બીચ, ૨૬ નવેમ્બર ૨૦૨૫: હાથબ બીચ, ૨૮ ડિસેમ્બર ૨૦૨૫: રૂવા-ખાર બીચ, ૨૬ જાન્યુઆરી ૨૦૨૬: રૂવા તળાવ, ભાવનગર (વિશેષ સ્વચ્છતા અભિયાન),૦૫ માર્ચ ૨૦૨૬: મીઠી વીરડી બીચ, ૦૯ મે ૨૦૨૬: ખડસલિયા દરિયાકાંઠો, ૦૮ ઓગસ્ટ ૨૦૨૬: કૂડા ગામ દરિયાકાંઠો.

આ તમામ અભિયાનોમાં વિદ્યાર્થીઓ, યુવાનો, સરપંચો, જનપ્રતિનિધિઓ, તાલુકા પંચાયતના સભ્યો, સ્વયંસેવી સંસ્થાઓ અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને શ્રમદાન કર્યું. દરિયાકાંઠેથી મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક અને કચરો હટાવીને સ્થાનિક લોકોને દરિયાઈ નિવસનતંત્ર (Marine Environment) ની સુરક્ષા પ્રત્યે જાગરૂક કરવામાં આવ્યા.

### "સ્વચ્છતાને નિરંતર ચાલતું જનઆંદોલન બનાવવું આવશ્યક": મંત્રી નિમુબેન

અભિયાનની સફળતા અને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ જણાવ્યું કે, "આદરણીય પ્રધાનમંત્રીજીના વિચારોથી પ્રેરણા લઈને શરૂ કરવામાં આવેલું આ દરિયાઈ બીચ સફાઈ અભિયાન યુવાનોને સકારાત્મક કાર્યો સાથે જોડવાની એક અમૂલ્ય તક છે. સ્વચ્છતા માત્ર એક દિવસ કે કોઈ એક કાર્યક્રમ પૂરતી સીમિત ન રહેવી જોઈએ, તેને જનભાગીદારી દ્વારા નિરંતર ચાલતું જનઆંદોલન બનાવવું જરૂરી છે. ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ લેવાયેલો સંકલ્પ આજે ભાવનગરની જનતાના સહયોગથી એક નિરંતર યાત્રા બની ચૂક્યો છે." આ એક વર્ષની યાત્રા એ સ્પષ્ટ સંદેશ આપે છે કે સ્વચ્છ તટ, સુરક્ષિત દરિયાઈ જીવન અને જાગરૂક નાગરિક જ એક સ્વસ્થ અને વિકસિત ભારતનો મજબૂત પાયો છે. આ અભિયાન આગળ પણ આવી જ ઊર્જા અને જનભાગીદારી સાથે સતત ચાલુ રહેશે.

# મુખ્યમંત્રીએ મુંબઈ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટને અનુલક્ષીને ઉદ્યોગ જગતના વિવિધ ઉદ્યોગપતિઓ સાથે બેઠક કરી



મુખ્યમંત્રીએ મુંબઈ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭ ને અનુલક્ષીને ઉદ્યોગ જગતના વિવિધ ઉદ્યોગપતિઓ સાથે વન ટુ વન બેઠક કરી હતી.મુખ્યમંત્રી સૌને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭ માં ભાગીદાર બનવા આહવાન કર્યું હતું.

### ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોની તકો માટે ફળદાયી ચર્ચા થઈ: આનંદ મહિન્દ્રા

મહિન્દ્રા ગ્રુપના ઉદ્યોગપતિશ્રી આનંદ મહિન્દ્રાએ પોતાના અનુભવ શેર કરતા જણાવ્યું કે, ગુજરાતમાં રોકાણ અંગે પ્રથમવાર આ જ રૂમમાં તે સમયના ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મિટિંગ થઈ હતી, ત્યારે તેમની દુરંદેશી જોઈને હું પ્રભાવિત થયો હતો. આજે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે ચર્ચા કરી ખૂબ જ ખુશી અનુભવું છું અને ગુજરાતમાં રોકાણ અંગે ભવિષ્યના પ્લાન અંગે આત્મીય સંવાદ કર્યો હતો. જેમાં ગુજરાતમાં ઈફ (ઇલેક્ટ્રિક વાહનો) અને GIFT સિટી ક્ષેત્રે તકોની શોધ કરવા અંગે મહિન્દ્રા ગ્રુપ સાથે ફળદાયી ચર્ચાઓ કરવામાં આવી. રોકાણ, સહયોગ અને વિકાસ માટેના નવા માર્ગો તપાસવામાં આવ્યા, જેનાથી અગ્રણી રોકાણ સ્થળ તરીકે ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બન્યું છે.

### ગુજરાતની શિપિંગ પોલિસી ખૂબ જ સરાહનીય: નિખિલ મર્ચન્ટ

સ્વાન કોર્પોરેશનના એમડી શ્રી નિખિલ મર્ચન્ટે ગુજરાતમાં પોતાની કામગીરીના વિસ્તરણ અને આધુનિકીકરણની યોજનાઓ અંગે 'સ્વાન એનર્જી' (Swan Energy) સાથે ફળદાયી ચર્ચાઓ થઈ હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી સાથે કંપનીના વિકસતા જતા આંતરરાષ્ટ્રીય વ્યવસાયને ટેકો આપવા માટે બહેતર કનેક્ટિવિટી અને નજીકના એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરવામાં આવી. ગુજરાતની શિપિંગ પોલિસી ખૂબ જ સરાહનીય છે. ગુજરાત ઉદ્યોગ આધારિત વિકાસ અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

### રાજ્યના મજબૂત ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ દ્વારા નવા રોકાણ અને વિસ્તરણ કરાશે: દીપાલી ગોએન્કા

વેલ્સપન ઈન્ડિયા લિ. ના સીઈઓ દીપાલી ગોએન્કા એ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે, વૈશ્વિક કાપડ ક્ષેત્રે ગુજરાતના નેતૃત્વને વધુ મજબૂત બનાવવા અંગે વેલ્સપન ગ્રુપ સાથે ફળદાયી ચર્ચાઓ થઈ હતી. રાજ્યના મજબૂત ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ અને ઉદ્યોગ તરફી નીતિઓનો લાભ લઈને વિકાસ, નિકાસ અને રોજગારીને વેગ આપવા માટે ગુજરાતમાં નવા રોકાણ અને વિસ્તરણની તકો વિશે વિચારણા કરવામાં આવી હતી.

### ડિસેમ્બરમાં કોપર રિસાયક્લિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવાની પણ ચર્ચા થઈ: સતિષ પાઇ

હિન્ડાલ્કો કંપનીના એમડી શ્રી સતિષ પાઈએ જણાવ્યું કે, ગુજરાતના ઔદ્યોગિક અને ઉત્પાદન ઈકોસિસ્ટમમાં વિપુલ તકો છે, જેમાં કોપર રિસાયક્લિંગ, ઇ-વેસ્ટ મેનેજમેન્ટ અને સર્કુલર ઈકોનોમી પહેલનો સમાવેશ થાય છે, તેની ચર્ચા કરવા માટે હિન્ડાલ્કોના નેતૃત્વ સાથે રચનાત્મક બેઠક યોજાઈ હતી. ડિસેમ્બરમાં કોપર રિસાયક્લિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવાની પણ ચર્ચા થઈ હતી. સંભવિત રોકાણો, ટકાઉ ઔદ્યોગિક પદ્ધતિઓ અને અગ્રણી કોપર ડેસ્ટિનેશન તરીકે ગુજરાતની સ્થિતિને મજબૂત બનાવવાના માર્ગો પર પણ ચર્ચા થઈ હતી.

### કંપની ગુજરાતમાં ૨૫ મિલિયન ટનની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ વિકસાવશે: અમિત હરલાલકા

AMNSના સીઈઓ શ્રી અમિત હરલાલકા એ જણાવ્યું કે, ગુજરાતમાં AMNS ઈન્ડિયાની મહત્વાકાંક્ષી રોકાણ યોજનાઓ અંગે મુખ્યમંત્રીશ્રી સાથે ફળદાયી બેઠક યોજાઈ હતી. કંપની જૂન સુધીમાં રૂ. ૮૦,૦૦૦ કરોડનું રોકાણ પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહી છે, તેમજ હજીરા ખાતે મુખ્યત્વે પુનઃપ્રાપ્ય ઊર્જા અને બેટરી સ્ટોરેજ ક્ષેત્રે વધારાના રૂ. ૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. કંપનીએ ગુજરાતમાં ૨૫ મિલિયન ટનની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ વિકસાવવાના પોતાના વિઝન વિશે પણ માહિતી આપી હતી.

# ભાવનગર ઝોનના ચાર જિલ્લાઓમાં 'સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહાઅભિયાન'નો પ્રારંભ

**પ્રાદેશિક કમિશ્નરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ: ડોર-ટુ-ડોર કલેક્શન, 'સ્વચ્છતા આર્મી' દ્વારા જાગૃતિ અને ગંદકી કરનાર સામે દંડકીય કાર્યવાહી હાથ ધરાશે**

ભાવનગર,તા.૮

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્યભરમાં 'નિર્મળ ગુજરાત ૨.૦' અંતર્ગત ૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી 'સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહાઅભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના અસરકારક અમલીકરણ અર્થે ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભાવનગર ઝોન કચેરી ખાતે પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ અને અધિક કલેક્ટરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાની નગરપાલિકાઓના ચીફ ઓફિસરો હાજર રહ્યા હતા.

બેઠકમાં ૧૦૦ દિવસના મહાઅભિયાન અંતર્ગત તમામ શહેરોમાં સુદ્રઢ સ્વચ્છતા સુનિશ્ચિત કરવા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કમિશ્નર દ્વારા રહેણાંક વિસ્તારોમાં દિવસમાં ૧ વખત અને કમર્શિયલ વિસ્તારોમાં ૨ વખત ૧૦૦% ડોર-ટુ-ડોર કચરા કલેક્શન કરવા આદેશ અપાયા હતા. આ ઉપરાંત કચરાના વાહનોમાં GPS/VTMS મોનિટરિંગ અને સાઉન્ડ સિસ્ટમ ફરજિયાત બનાવાઈ છે. ન્યુસન્સ પોઈન્ટ્સ (CTU) ની ઓળખ કરી તેનું GIS/Geo-tagging મેપિંગ કરીને તેને નાબૂદ કરવા તથા તે જગ્યાઓ પર વોલ આર્ટ, પેઈન્ટિંગ કે વૃક્ષારોપણ કરી બ્યુટીફિકેશન કરવા સૂચના અપાઈ છે. આ અભિયાન અંતર્ગત વોલીન્ટીર્સ, NGOs, NSS અને સખી મંડળોની બનેલી 'સ્વચ્છતા આર્મી' દ્વારા કચરાના ૪ પ્રકારે વર્ગીકરણ (ભીનો, સૂકો, સેનિટરી અને જોખમી કચરો) અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે. જાહેર સ્થળો પર ગંદકી કરનારાઓ સામે સ્વચ્છતા માર્શલ દ્વારા દંડકીય કાર્યવાહી થશે.

નગરપાલિકાઓ દ્વારા દૈનિક કામગીરી અને ફરિયાદોના ૨૪ કલાકમાં નિવારણ અંગેનો રિપોર્ટ જીઓ-ટેગ ફોટોગ્રાફ્સ સાથે 'સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર' (SSK) પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે. કામગીરી પર કડક દેખરેખ માટે 'સ્વચ્છતા ફ્લાઈંગ સ્ક્વોર્ડ' દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરાશે. કમિશ્નરે તમામ શહેરોને કચરામુક્ત બનાવવા માટે લોકપ્રતિનિધિઓ અને નાગરિકોને સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

## ઘોઘામાં હઝરત અશરફશા પીરનો ઉર્ષ શરીફ ઉજવાયો

ભાવનગર,તા.૮

ઘોઘા સ્થિત માલનવાડા વિસ્તારમાં આવેલ હઝરત રોશન ઝમીર અશરફશા પીર દાદાનો બે દિવસીય ઉર્ષ શરીફ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઘોઘા ગામમાં ચાદર શરીફનું ભવ્ય સરઘસ (ઝુલુસ) ફેરવવામાં આવ્યું હતું. મોડી રાત્રે ૪ કલાકે દરગાહ શરીફમાં સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ અને સામૂહિક દુઆઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત મીલાદ શરીફ, ઝિક્ર શરીફ અને સતત બે દિવસ સુધી ન્યાઝ શરીફ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર ઉત્સવ દરમિયાન 'સીદ્દી ની ધમાલ' નૃત્યે લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ ઉર્ષ શરીફના આયોજનને સફળ બનાવવા માટે દરગાહ શરીફના ખાદીમ રહેમાનભાઈ બાદશાહ, અનવરભાઈ બાદશાહ, આબીદભાઈ બાદશાહ, અલાદત બાદશાહ, પૂર્વ નગરસેવક કાળુભાઈ બેલીમ તેમજ યુસુફભાઈ અત્તારવાલા સહિતના આગેવાનો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સિદસરમાં શ્રમિક પર છરી-ધોકા વડે ૧૨ લોકો દ્વારા જીવલેણ હુમલો

**વાયર ચોરીના શંકાસ્પદ વિવાદમાં વરતેજ પોલીસે ૧૨ શખ્સો સામે રાયોટિંગ અને હથિયારબંધીના ભંગનો ગુનો નોંધ્યો**

ભાવનગર,તા.૮

ભાવનગર તાલુકાના સીદસર ગામે ૨૫ વારિયા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા ૪૬ વર્ષીય રમેશગીરી કાળુગીરી ગૌસ્વામી પર તીક્ષ્ણ હથિયારો અને લાકડાના ધોકા વડે ૧૨ જેટલા શખ્સોના ટોળાએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. આ મામલે વરતેજ પોલીસ સ્ટેશનમાં ૧૨ આરોપીઓ સામે બી.એન.એસ. તથા જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદમાં દર્શાવ્યા મુજબ, આરોપીઓ ફરિયાદી રમેશગીરીના દીકરા અજયગીરીએ તેમનો કોપર વાયર ચોરેલ છે તેવી શંકા રાખતા હતા. આ બાબતે તા. ૦૫/૦૯/૨૦૨૬ ના રોજ ફરિયાદીના દીકરા સાથે આરોપીઓને બોલાચાલી અને ઝઘડો થયો હતો. જે બાબતની દાઝ રાખીને તા. ૦૬/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે આશરે ૬:૦૦ વાગ્યાના સુમારે જ્યારે રમેશગીરી સીદસર ૨૫ વારિયાના ખૂણે બેઠા હતા, ત્યારે આરોપીઓએ એકસંપ થઈ ગાળો આપી હુમલો કર્યો હતો.

ફરિયાદીની ફરિયાદના આધારે વરતેજ પોલીસે સીદસર ૨૫ વારિયા વિસ્તારના રહેવાસી એવા આકાશભાઈ સંજયભાઈ મકવાણા, પંકજભાઈ ચંદુભાઈ મકવાણા, કિસ્મતભાઈ ભગવાનભાઈ પટણી, રોહિતભાઈ ગગજીભાઈ સોલંકી, વિકુભાઈ સુરેશભાઈ ખોખર, સાહિલ સંજયભાઈ મકવાણા, સન્ની સંજયભાઈ મકવાણા, સુનિલભાઈ ચંદુભાઈ મકવાણા, પ્રભાત વેલકાભાઈ ચુડાસમા, બળુ વેલકાભાઈ ચુડાસમા, સોમુ અશોકભાઈ મકવાણા અને શંભુભાઈ દિનેશભાઈ મકવાણા સામે ગુનો નોંધ્યો છે.

ગેરકાયદે મંડળી રચી, ઘાતક હથિયારો ધારણ કરી અને જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવા બદલ બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૫૨ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી, વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર દિગ્વિજયસિંહ નરવીરસિંહ જાડેજા ચલાવી રહ્યા છે.

### યુવાન જીવ બચાવવા ભાગતા ફિલ્મી ઢબે પીછો કરી હુમલો કરાયો

જીવ બચાવવા માટે ફરિયાદી રમેશગીરી નજીકના પેટ્રોલ પંપ તરફ ભાગ્યા હતા, પરંતુ આરોપીઓ તેમની પાછળ દોડી આવ્યા હતા. તે પૈકી આકાશભાઈ સંજયભાઈ મકવાણાએ છરી વડે ફરિયાદીના કપાળમાં ડાબી બાજુ ઘા માર્યો હતો. જ્યારે સુનિલભાઈ ચંદુભાઈ મકવાણાએ લાકડાના ધોકા વડે બંને પગે આડેધડ ઘા ઝીંક્યા હતા. આ ઉપરાંત અન્ય આરોપીઓએ તેમને શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. આ હુમલામાં રમેશગીરીને બંને પગે તથા જડબાના ભાગે ફેક્ચર, કપાળ પર ટાંકા અને શરીરે ગંભીર મૂઢ ઈજાઓ પહોંચી છે.


## ભાવ. જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠકમાં વિકાસ કામોને લીલીઝંડી


ભાવનગર,તા.૮

જિલ્લા પંચાયત ભાવનગરની બાંધકામ સમિતીની બેઠક તા.૩૧/૦૮/૨૦૨૬ નાં રોજ શ્રીમતી બચુબેન રઘુભાઇ ગોહિલનાં અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં ભાવનગર જિલ્લાનાં તાલુકાઓનાં કુલ રૂ.૧૯૭૦.૦૦ લાખની કિંમતનાં અલગ – અલગ ૧૪૩ કામોની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય બહાલી આપવામાં આવેલ હતી. જેમાં મુખ્યત્વે આંગણવાડીનાં ૧૦૧ કામો કિંમત રૂા. ૧૩૯૮.૬૨ લાખ, આંબેડકર હોલનાં – ૫ કામો કિંમત રૂા. ૬૭.૪૮ લાખ, કોમ્યુનીટી હોલનાં ૧૫ કામો કિંમત રૂા. ૧૫૨.૧૦ લાખ, સીડી વર્ક નાં -૨ કામો કિંમત રૂા. ૧૭.૦૦ લાખ, ગ્રામ પંચાયત ઓફીસનાં – ૫ કામો કિંમત રૂા. ૧૧૬.૨૫ લાખ, લાઈબ્રેરીનાં - ૬ કામો કિંમત રૂા. ૧૧૬.૬૭ લાખ, સ્કુલ રૂમના - ૫ (પાંચ) કામો કિંમત રૂા. ૬૧.૯૬ લાખ અન્ય કામો -૪ કિંમત રૂા. ૩૯.૪૮ લાખ સહીત કુલ ૧૪૩ કામોની બહાલી આપવામાં આવેલ હતી. જે તમામ કામોનાં વર્કઓર્ડર આગામી સમયમાં આપવામાં આવશે.

# પોલીસ હેડ ક્વાર્ટર ખાતે 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ની ઉજવણી: વિવિધ રમત-ગમત સ્પર્ધાઓ યોજાઈ

**૧૫૦થી વધુ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો**





ભાવનગર,તા.૮

ભાવનગર પોલીસ વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય રમત-ગમત દિવસ' (National Sprots Day) ની ઉજવણી અંતર્ગત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સુખાકારી માટે તા. ૨૮ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન વિવિધ રમત-ગમત સ્પર્ધાઓનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.


ભાવનગર રેન્જ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અસારી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય તથા નાયબ પોલીસ અધિક્ષક આર. વી. દામોરની સૂચના અને માર્ગદર્શન હેઠળ રિઝર્વ પોલીસ ઈન્સપેક્ટર પી. એસ. સોલંકી દ્વારા ભાવનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આ તમામ સ્પર્ધાઓનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.


ભારતના મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદજીની જન્મજયંતિ નિમિત્તે આયોજિત આ સ્પર્ધાઓમાં વોલીબોલ સ્પર્ધામાં ૬૫ અને ક્રિકેટ ટૂર્નામિન્ટમાં ૮૫ મળીને કુલ ૧૫૦ જેટલા પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓએ ભાગ લઈને રમતગમતના ઉત્સાહનો પરિચય આપ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રમતો દ્વારા શારીરિક-માનસિક વિકાસ, શિસ્ત, ટીમવર્ક અને નેતૃત્વ જેવા ગુણો ખીલે છે, જે પોલીસ સજ્જતા માટે અત્યંત જરૂરી છે. સ્પર્ધાના અંતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત તમામ પોલીસ કર્મચારીઓએ નિયમિત કસરત અને રમત-ગમત દ્વારા સ્વસ્થ અને સશક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

# સિદ્ધાર્થ બોડકે, IIS (૨૦૦૮ બેચ) એ એડિશનલ ડાયરેક્ટર જનરલ, PIB અમદાવાદ તરીકે પદભાર સંભાળ્યો

**સિદ્ધાર્થ બોડકે, ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસ (IIS), ૨૦૦૮ બેચ, આજે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB), અમદાવાદના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) તરીકે જોડાયા**





અમદાવાદ,

બોડકે ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસમાં તેમની કારકિર્દી દરમિયાન જાહેર સંચાર અને મીડિયા સંબંધિત કામગીરીમાં વ્યાપક અનુભવ ધરાવે છે. PIB અમદાવાદમાં જોડાતા પહેલા, તેમણે દૂરદર્શન કેન્દ્ર (DDK), મુંબઈ, PIB, દિલ્હી અને DD ન્યૂઝ, દિલ્હી ખાતે સેવા આપી હતી જ્યાં તેઓ બ્રોડકાસ્ટિંગ, મીડિયા મેનેજમેન્ટ અને જાહેર સંચારના વિવિધ પાસાઓ સાથે સંકળાયેલા હતા.

અપર મહાનિદેશક, પીઆઈબી અમદાવાદ તરીકેનો પદભાર સંભાળતા, બોડકેએ સરકારની નીતિઓ, કાર્યક્રમો અને પહેલો વિશે સમયસર, સચોટ અને વિશ્વસનીય માહિતીનું પ્રસારણ સુનિશ્ચિત કરવા માટે સરકાર, મીડિયા અને લોકો વચ્ચેના સંચારને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મુક્યો હતો.

તેમણે વ્યાવસાયિકતા અને જાહેર સેવાના સર્વોચ્ચ ધોરણો જાળવી રાખીને, ઉભરતા સંચાર પ્લેટફોર્મ્સનો લાભ લેવાની અને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. PIB અમદાવાદની ટીમે શ્રી બોડકેનું સ્વાગત કર્યું હતું અને ગુજરાત અને નજીકના વિસ્તારમાં બ્યુરોની મીડિયા પહોંચ અને સંચાર પ્રયાસોને વધુ વધારવા માટે તેમના નેતૃત્વ હેઠળ કામ કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# PM મોદીની વડોદરાને ૩૫ હજાર કરોડના વિકાસ કાર્યોની ભેટ

## નરેન્દ્ર મોદીએ વડોદરામાં રિમોટથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને રાષ્ટ્રને સમર્પણ કર્યું, મોદીએ રેમ્પ વોક કરી Gen-Z સાથે હાથ મિલાવ્યા

વડોદરા,

આજે બપોરે PM મોદી વડોદરા પહોંચ્યા હતા વડાપ્રધાને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના ૩૨૬ રૂટ કિલોમીટરને આવરી લેતા અને રૂ.૨૦,૭૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા ત્રણ મહત્વપૂર્ણ વિભાગો રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. તેમાં ન્યૂ સાણંદ (ઉત્તર)-ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે અને ન્યૂ સફાળે-ન્યૂ જેએનપીટી વિભાગનો સમાવેશ થાય છે. જવાહરલાલ નેહરુ પોર્ટ સાથે સીધી રેલવે કનેક્ટિવિટી મળવાથી નિકાસ-આયાતના માલની ઝડપી હેરફેર શક્ય બનશે. ઔદ્યોગિક કેન્દ્રો અને બંદરો વચ્ચે






જોડાણ મજબૂત થવાની સાથે માલ પરિવહનનો ખર્ચ ઘટાડવામાં અને મુંબઈના રેલવે નેટવર્ક પરનું ભારણ ઓછું કરવામાં મદદ મળશે.

આ ત્રણ વિભાગ કાર્યરત થતાં ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું સમગ્ર નેટવર્ક તેની સંપૂર્ણ લંબાઈમાં કાર્યરત બનશે. સમર્પિત માલવાહક રેલવે માળખાથી માલ પરિવહનનો સમય ઘટશે અને દેશની પરિવહન તથા પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે.વડાપ્રધાને ન્યૂ સાણંદ (ઉત્તર), ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ જેએનપીટીથી માલગાડી સેવાઓને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપરાંત ટાંડા રોડ અને વડોદરા-પ્રતાપનગર વચ્ચે નવી મુસાફર ટ્રેન સેવાનો પણ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિકસિત ભારતની યાત્રાને વધુ ગતિ આપવા માટે આપની વચ્ચે આવ્યો છું. અહીં હજારો કરોડો રૂપિયાના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયું. આ વિકાસ પર્વ માટે જે સેવા ભાવ સાથે વડોદરામાં સ્વચ્છતાથી સ્વાગત અભિયાન ચલાવ્યું છે, તેના માટે હું વડોદરાના દરેક નાગરિકનો અભિનંદન કરું છું. તેની સરાહના કરું છું. મેં કાલે વડોદરાનો એક વીડિયો જોયો ખૂબ ગર્વ અનુભવ્યો, મારા વડોદરાના તમામ લોકોને અભિનંદન.

### ૩૨૯ કિમીના ત્રણ રેલવે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

વડાપ્રધાને કુલ ૩૨૯ કિલોમીટરમાં ફેલાયેલા અને રૂ.૯,૭૦૦ કરોડથી વધુના ખર્ચના ત્રણ રેલવે પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કર્યું હતું. વડોદરા-રતલામ ત્રીજી અને ચોથી રેલવે લાઇન, મિયાગામ કરજણ-ચોરંડા-માલસર ગેજ રૂપાંતરણ, વિશ્વામિત્રી-ડભોઈ રેલવે લાઇનનું દ્વિમીકરણ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ કામો પૂર્ણ થતાં મુસાફર અને માલ પરિવહનની ક્ષમતા વધવાની સાથે રેલવે માર્ગો પરનું ભારણ ઘટશે અને ગુજરાત-મધ્યપ્રદેશ વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે.

### ગુજરાત સરકારના રૂ.૨,૬૦૦ કરોડના પ્રોજેક્ટ્સને પણ મંજૂરી

વડાપ્રધાને ગુજરાત સરકારના આશરે રૂ.૨,૬૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત અને ઉદ્ઘાટન કર્યું હતું. તેમાં વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટાના રિંગ રોડ ફેઝ-૨, કડાણા ડેમ ખાતે ૧૧૦ મેગાવોટનો તરતો સૌર ઊર્જા પ્રોજેક્ટ અને વડોદરા મહાનગરપાલિકાની નવી કચેરીના નિર્માણ સહિતના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસ પ્રોજેક્ટ્સ તેમજ પૂર્વ વડોદરાના ૧૧ ગામો માટેની પાણી પુરવઠા યોજના સહિતના પ્રોજેક્ટ્સનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### સ્વચ્છતા અને વૃક્ષારોપણથી સ્વાગતનો સંદેશ આપ્યો : મુખ્યમંત્રી.ભૂપેન્દ્ર પટેલ

વડોદરામાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરી સરકારની કામગીરી ગણાવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડોદરાવાસીઓએ સ્વચ્છતા અને વૃક્ષારોપણ કરીને વડાપ્રધાનના સ્વાગતનો સંદેશ આપ્યો છે.ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની શક્તિનો વિશ્વને પરિચય થયો છે. દેશ અને ગુજરાતમાં રેલવે, રસ્તા, રમતગમત સહિતની માળખાકીય સુવિધાઓમાં ઝડપી વિકાસ થયો છે. જે વિઝનને એક સમયે અશક્ય માનવામાં આવતું હતું, તેને વડાપ્રધાને શક્ય કરી બતાવ્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે રેલવે અને માર્ગોના વિસ્તરણથી કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે અવરજવર વધુ સરળ બનશે. ખેડૂતો તેમજ ઉદ્યોગોને પરિવહનની વધુ સારી સુવિધા મળવાથી વિકાસને વેગ મળશે.



# ઈરાન સામે યુદ્ધ જીતી તેલ સસ્તું કરવાનો ટ્રમ્પનો દાવો



## યુદ્ધ જીત્યા પછી ગેસના ભાવ ઘટીને ત્રણ ડોલર પ્રતિ ગેલન આવી શકે છે, અમેરિકા કોઈપણ ભોગે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવા દેશે નહીં

વોશિંગટન,

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક અર્થવ્યવસ્થા અને ઉર્જા બજારને લઈને એક મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ઈરાન સાથેના સંભવિત યુદ્ધમાં વિજય મેળવ્યા બાદ વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં ભારે ઘટાડો જોવા મળશે. પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધ જીત્યા પછી ગેસના ભાવ ઘટીને ત્રણ ડોલર પ્રતિ ગેલન અને ભવિષ્યમાં બે ડોલર પ્રતિ ગેલનથી પણ નીચે આવી શકે છે.

આ સાથે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા કોઈપણ ભોગે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવા દેશે નહીં.

અમેરિકી સંરક્ષણ વિભાગ અને યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) દ્વારા ઈરાન વિરુદ્ધ કડક વલણ અપનાવવામાં આવ્યું છે. યુએસ સચિવ પીટ હેગસેથે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઈરાની સેના દ્વારા અમેરિકી જહાજો પર હુમલો કરવામાં આવશે, તો યુએસ દળો ઈરાનના તમામ તેલ ટેન્કરોનો સંપૂર્ણ નાશ કરી દેશે. સેન્ટકોમ દ્વારા તાજેતરમાં જ ત્રણ ઈરાની ક્રૂડ ઓઈલ ટેન્કરો પર કરવામાં આવેલા હુમલાનો વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ટેન્કરો એક મોટા નાણાકીય નેટવર્ક સાથે જોડાયેલા હતા, જેમાંથી મળતી આવકનો ઉપયોગ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ અને તેના પ્રાદેશિક સહયોગીઓને ફંડ પૂરું પાડવા માટે થતો હતો. સેન્ટકોમના કમાન્ડર એડમિરલ બ્રેડ કૂપરે જણાવ્યું હતું કે અમેરિકી જહાજોને નુકસાન પહોંચાડવાના કોઈપણ પ્રયાસથી ઈરાનના તેલ પુરવઠાને મોટું આર્થિક નુકસાન વેઠવું પડશે.આ તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે તુર્કીના રાષ્ટ્રપતિ રેચેપ તૈયપ એર્દોગને ઈઝરાયલ પર ગંભીર આરોપો મૂક્યા છે.

એર્દોગનના જણાવ્યા મુજબ, ઈઝરાયલ અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિપૂર્ણ કરારોને તોડફોડ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. એક તરફ ટ્રમ્પ યુદ્ધ જીતીને ઉર્જા બજારને પોતાના નિયંત્રણમાં લાવવાની વાત કરી રહ્યા છે, તો બીજી તરફ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ ઈરાની શાસનનો કાયમ માટે અંત લાવવાના પોતાના લક્ષ્ય પર અડગ છે. આ તમામ ઘટનાક્રમને કારણે મધ્યપૂર્વમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ છવાયો છે.

### ઈરાને અમેરિકાને લીધા આડે હાથ

ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદનની પ્રતિક્રિયા આપતા ઈરાને અમેરિકાને આડે હાથ લીધી છે. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાકર ગાલિબાફે ચેતવણી આપી છે કે જો અમેરિકા દ્વારા ઈરાનની ઉર્જા સુવિધાઓ અથવા તેલ ટેન્કરોને નિશાન બનાવવામાં આવશે, તો ઈરાન પણ એટલી જ આક્રમકતાથી વળતો પ્રહાર કરશે. ઈરાને યાદ અપાવ્યું છે કે તેની તેલ અને ગેસ ઉત્પાદન પ્રણાલી ખૂબ જ મજબૂત છે અને અગાઉ પણ તેના વળતા પ્રહારના પરિણામો દુનિયાએ જોયા છે.

# અમદાવાદમાં રિક્ષા હડતાળના કારણે તંત્રમાં દોડધામ!

## AMTSએ રાણીપ-કાલુપુર સહિત આ રૂટ પર વધારાની બસો દોડાવી, ગીતામંદિર ખાતે ફ્લાઈંગ ટીમ તૈનાત

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા ચાલકોની હડતાળને ધ્યાનમાં રાખીને મુસાફરોને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં વધારાની બસો, કન્ટ્રોલર તથા ફ્લાઈંગ ટીમોની તૈનાતી કરીને નાગરિકોને તેમના ગંતવ્ય સ્થાન સુધી સરળતાથી પહોંચાડવા માટે તંત્ર દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. રાણીપ GSRTC બસ સ્ટેશન ખાતે ૨ કન્ટ્રોલરોને ફરજ પર મૂકવામાં આવ્યા છે અને મુસાફરોની વધતી જરૂરિયાત મુજબ ૨ વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો મુસાફરોને ઈન્કમટેક્સ, નટરાજ, પાલડી, ગીતામંદિર અને કાલુપુર જેવા મુખ્ય ટ્રાન્ઝિટ કેન્દ્રો સુધી પહોંચાડશે. આ ઉપરાંત, રાણીપ સ્ટેશન પાસેથી પસાર થતા વિવિધ રૂટોની આશરે ૯૦ બસો મુસાફરોને કાલુપુર, મણિનગર, લાલદરવાજા, વાસણા અને પાલડી સહિતના વિસ્તારો સુધી સેવા આપશે. સાબરમતી ધર્મનગર રેલવે સ્ટેશન ખાતે ૧ સ્પેર ડ્રાઈવર અને ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી કાલુપુર અને મણિનગર માટે ૨ વધારાની બસો ઉપલબ્ધ કરાવાઈ છે તેમજ આ વિસ્તારની અન્ય ૨૮ બસો પણ સેવા આપશે.શહેરના મહત્વપૂર્ણ ટ્રાન્ઝિટ હબ એવા ગીતામંદિર ખાતે ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી વિવિધ રૂટોની બસો દર ૧૫ થી ૨૦ મિનિટે શહેરના વિવિધ વિસ્તારોમાં દોડશે. કાલુપુર રેલવે સ્ટેશન ખાતે સારંગપુર કેબિન કન્ટ્રોલર ૨ ફ્લાઈંગ ટીમો સાથે હાજર રહેશે અને મુસાફરોની સુવિધા માટે ૪ વધારાની બસોની વ્યવસ્થા કરાઈ છે. કાલુપુર વિસ્તારમાંથી પસાર થતા વિવિધ રૂટોની ૫૦ થી વધુ બસો ગીતામંદિર, લાલદરવાજા, વાડજ અને નરોડા સુધી મુસાફરોને પહોંચાડશે.

### કેટલાક રિક્ષાચાલકો ગ્રાહકોને ખુલ્લેઆમ લૂંટતા હોવાની રાવ

હડતાળમાં યુનિયને ૩ લાખ રિક્ષા અને ૭૦ હજાર ટેક્સી ચાલકો જોડાશે તેવો દાવો કર્યો હતો, પરંતુ અનેક વિસ્તારોમાં વાહનો ચાલુ રહેતાં હડતાળને ફિક્કો પ્રતિસાદ સાંપડ્યો છે. હડતાળને સફળ બનાવવા યુનિયનના સભ્યો રસ્તા પર ઉતરી આવ્યા હતા. રાણીપ બસ સ્ટેશન પાસે રિક્ષાચાલકે લાકડી સાથે આવીને મુસાફરોને અધ્ધવચ્ચે જ ઉતારી હડતાળમાં જોડાવા દબાણ કરતા વિવાદ થયો હતો. રિક્ષાચાલકો ગુંડાગીરી પર આવી જતા પોલીસ પણ દોડતી થઈ છે. તો બીજી તરફ હડતાળનો ફાયદો ઉઠાવી કેટલાક રિક્ષાચાલકો દ્વારા ગ્રાહકોને ખુલ્લેઆમ લૂંટવામાં આવી રહ્યા હોવાના પણ કિસ્સા સામે આવ્યા છે.

# નાના વેપારીઓનું વેરિફિકેશન સમયમાં પૂર્ણ નહિ થાય તો ૧૫ સપ્ટેમ્બર.પછી UPI-QR કોડથી ઓનલાઈન પેમેન્ટ નહીં થાય?

## RBIના એક નિયમથી લાખો નાના વેપારી અને ગ્રાહકોની ચિંતા વધી, અનેક વેપારીઓના વેરિફિકેશન બાકી હોય સમય મર્યાદા વધારવા માંગ

મુંબઈ,

ભારતમાં ડિજિટલ પેમેન્ટ હવે લોકોના રોજિંદા જીવનનો એક ભાગ બની ગયું છે. ચાની દુકાન હોય, શાકભાજીની લારી હોય કે કરિયાણાની દુકાન, દરેક જગ્યાએ ઊઇ કોડ દ્વારા ચુકવણી સામાન્ય બાબત છે. પરંતુ હવે એક એવી ડેડલાઈન સામે આવી છે, જેણે લાખો નાના વેપારીઓ અને તેમના ગ્રાહકોની ચિંતા વધારી દીધી છે.

RBIના નિયમો હેઠળ મર્ચન્ટ્સ માટે રી-કેવાયસી (Re-KYC) પ્રક્રિયા પૂરી કરવી જરૂરી છે. જો નાના વેપારીઓનું વેરિફિકેશન નિર્ધારિત સમય સુધીમાં પૂર્ણ નહીં થાય, તો તેમના ઊઇ કોડ આધારિત ચુકવણીઓ પ્રભાવિત થઈ શકે છે.રિઝર્વ બેંકના નિયમો અનુસાર મર્ચન્ટ્સને સમયાંતરે તેમની માહિતી અપડેટ કરવી પડે છે. હાલની સમય મર્યાદા હેઠળ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં રી-કેવાયસી પૂર્ણ કરવું જરૂરી છે. પેમેન્ટ એગ્રીગેટર અને ફિનટેક કંપનીઓનું કહેવું છે કે લાખો નાના વેપારીઓનું વેરિફિકેશન હજુ બાકી છે. આ જ કારણોસર ઈન્ડસ્ટ્રીએ RBIને સમયમર્યાદા વધારવાની માગ પણ કરી છે. જો કોઈ દુકાનદારનું રી-કેવાયસી સમયસર પૂર્ણ ન થાય અને તેનો ઊઇ કોડ પ્રભાવિત થઈ શકે છે અને ગ્રાહકોને ચુકવણીમાં મુશ્કેલી પડી શકે છે. માની લો કે તમે શાકભાજી ખરીદવા પહોંચ્યા અને દુકાનદારનો ઊઇ કોડ કામ નથી કરી રહ્યો. આવી સ્થિતિમાં દ્વારા ચુકવણી શક્ય નહીં બને. ત્યારે તમારે રોકડ ચુકવણી કરવી પડી શકે છે અથવા સીધા બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવા જેવા વિકલ્પો અપનાવવા પડી શકે છે. જોકે, તેની અસર સમગ્ર દેશમાં એકસરખી નહી હોય. નિષ્ણાતોનું માનવું છે કે નાના વેપારીઓ અને લારી-ગલ્લાવાળા વિક્રેતાઓના વિસ્તારોમાં મુશ્કેલી વધુ જોવા મળી શકે છે. એક અંદાજ મુજબ, પરિસ્થિતિ ચિંતાજનક બની શકે છે. લગભગ ૩૦ થી ૩૫ ટકા નાના અને લારી-ગલ્લાવાળા વિક્રેતાઓ આ સમય મર્યાદાથી પ્રભાવિત થઈ શકે છે. જ્યારે લગભગ ૧૦ લાખ નાના વેપારીઓને જોખમના દાયરામાં માનવામાં આવી રહ્યા છે. અંદાજ છે કે નિર્ધારિત સમય સુધીમાં લગભગ ૮૦ ટકા વેરિફિકેશન જ પૂર્ણ થઈ શકશે. આ જ કારણ છે કે પેમેન્ટ કંપનીઓ RBI પાસેથી વધારાનો સમય આપવાની માગ કરી રહી છે.



# સૌરાષ્ટ્ર આસપાસ

## લાખણકાનો કિનારોઃ ભાવનગરના ભવિષ્યનું પ્રવેશદ્વાર

ભાવનગરના દરિયાકિનારે વિકાસની અપાર શક્યતાઓ છે. ભાવનગર બંદર સીએનજી ટર્મિનલ તરીકે ડેવલપ થઈ રહ્યું છે અને તે ધોલેરા સર માટે મહત્વનું બંદર બની જશે. બીજી બાજુ ગુજરાત સરકારે ભાવનગર તાલુકાના લાખણકા ગામને પણ ગ્રીનફિલ્ડ પોર્ટ તરીકે વિકસિત કરવા માટે નક્કી કર્યું છે અહીં નજીકમાં મીઠીવીરડી ખાતે અણું ઉર્જા મથક બનવાનું હતું પરંતુ વ્યાપક વિરોધને કારણે આ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો છે આ પ્રોજેક્ટ માટે પણ ભાવનગરના વિકાસ વિરોધીઓ મેદાનમાં ન આવે તેવું લોકો ઈચ્છે રહ્યા છે. લાખણકા ગામ સમુદ્ર કિનારે આવેલું છે અહીં સમુદ્ર કિનારો મોટું બંદર બનવા માટે અનુકૂળ છે મોટા જહાજો આવી શકે તે માટેના સમુદ્રની ઊંડાઈ પણ પૂરતી છે. અહીં સરકાર ગ્રીનફિલ્ડ પોર્ટ બનાવવા માટે સજ્જ થઈ છે ત્યારે ભાવનગર માટે વિકાસની એક બહુ મોટી તક સામે આવી છે.ભાવનગરને દરિયાએ હંમેશા બે હાથથી આપ્યું છે. અહીંના દરિયાએ રોજગારી આપી છે, વેપાર આપ્યો છે અને વિશ્વના નકશા પર એક અલગ ઓળખ પણ આપી છે. આ ઓળખના કેન્દ્રમાં અલંગ અને ભાવનગર પોર્ટ જેવા મોટા નામો છે. પરંતુ આ મોટા નામોની વચ્ચે ઘોઘા નજીક આવેલો લાખણકાનો દરિયાકિનારો આજે પણ પોતાની ઓળખ શોધી રહ્યો છે. આ કિનારો વિકસે તો આખા જિલ્લાના અર્થતંત્રને નવી દિશા મળી શકે છે, તેવી લાગણી સ્થાનિકોમાં લાંબા સમયથી છે.આ લાગણીને તાજેતરમાં વધુ બળ મળ્યું છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડે મુંબઈ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જેમાં રાજ્યના ઉપેક્ષિત બંદરોને પુનર્જીવિત કરવા અંગે મંથન થયું હતું. લાખણકા કોઈ બંદર નથી માત્ર હું ઉજડ દરિયા કિનારો છે. પરંતુ તળાજા પાસે આવેલું સરતાનપર બંદર છે પરંતુ તે પડી ભાંગેલું છે. સરકાર લાખણકા ગામના સમુદ્ર કિનારે મોટું બંદર બનાવવા માટે તૈયાર થઈ છે ત્યારે સરકારે અગાઉ મહુવા બંદરને પણ વિકસિત કરવાની વાત કરી હતી પરંતુ આ વાત ભુલાઈ ગઈ અને લાખણકા નું નામ આવ્યું છે તો મહુવા અને લાખણકા વિકસિત થાય તો વિકાસને ચાર ચાંદ લાગે.મુંબઈ ખાતે યોજાયેલી બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે રાજ્ય સરકારે બોર્ડના અડતાલીસ નાના બંદરોના સંચાલન માટે ખાનગી ભાગીદારીથી એટલે કે એસપીવી બનાવવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી છે. આ નિર્ણય ગુજરાતના મેરીટાઈમ ક્ષેત્ર માટે એક નવું પ્રકરણ શરૂ કરી શકે છે. સ્વાભાવિક રીતે જ ભાવનગર જિલ્લાના નાગરિકોની નજર હવે લાખણકા પર છે.લાખણકા શા માટે મહત્વનું છે તે સમજવા માટે નકશા પર નજર કરવી પૂરતી છે. આ સ્થળ ખંભાતના અખાતના એવા ભાગમાં આવેલું છે જ્યાં કુદરતી રીતે જ ઊંડાણ સારું છે અને મોટા બંદરો સાથે જોડાણની શક્યતા પણ રહેલી છે. જો અહીં આધુનિક સુવિધા સાથેની જેટી બને તો મહુવા પંથકની ખેત પેદાશો, ખાસ કરીને ડુંગળીની નિકાસ માટે સીધો દરિયાઈ માર્ગ ખુલે. આજે આ માલસામાનને સેંકડો કિલોમીટર દૂર લઈ જવો પડે છે. સ્થાનિક માછીમારો માટે તો આ બંદર જીવનરેખા સમાન બની શકે. ચોમાસા દરમિયાન બોટને સલામત લાંગરવાની જગ્યા મળે તો અનેક પરિવારોની આજીવિકા વધુ સુરક્ષિત બને.જોકે વિકાસની આ વાતો સાથે કેટલીક કડવી વાસ્તવિકતા પણ સ્વીકારવી પડશે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના અનેક બંદરોની હાલત આજે સારી નથી. ભાવનગરની નજીક આવેલા ઘોઘા બંદરની જેટી લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતી અને તેને અંતે બંધ કરવાની ફરજ પડી. આ ઘટના દર્શાવે છે કે માત્ર નવા પ્રોજેક્ટની જાહેરાત કરવી પૂરતું નથી, તેની નિયમિત જાળવણી અને દેખરેખ પણ એટલી જ જરૂરી છે. ઉપરાંત બંદરોના સંચાલનમાં અનુભવી દરિયાઈ અધિકારીઓની નિમણૂકનો મુદ્દો પણ ચર્ચામાં રહ્યો છે.

# ચોપડો ચોખ્ખો રાખ્યો...

**એક સંતાનના વિધુર બાપે એકલ પંડ્યે દીકરાને શહેરમાં ભણવા મોકલ્યો ને ત્યાં જ ઠરીઠામ કર્યો, વરાવ્યો ને પોતે ગામડે જાતમહેનતથી સ્વમાનભેર આત્મનિર્ભર જીવન જીવીને સ્વધામ સિધાવ્યા ત્યારે મરણમૂડી મૂકતાં ગયા ને માથે કોઈનું લેણું પણ નહીં**

**અલપ ઝલપ** -ડો. મનહર ઠાકર

'દીકરા, આજે મને શુદ્ધિ છે, એટલે કહી દેવા દે ; કાલે કહેવાયું ના કહેવાયું. આ ખાટલા હેઠે પતરાની જૂની પેટી પડેલી છે, તેમાં મારી મરણમૂડી છે, એ સાચવજે. મને ભળાવીને તારી મા તને મેલીને ગામતરે સિધાવી પછી મેં એકલ પંડ્યે તને ભણવા માટે શહેરમાં મોકલ્યો. પછી ભણેલો બેકાર રહે એ વસમું દુઃખ ગણાય તેમ સમજીને તને સારી નોકરીએ લગાડ્યો. આખું આયખું મેં આ ખોરડે જ વિતાવ્યું, છતાં નિરાશ ન થયો. નસીબને કદી દોષ દીધો નહિ અને ધીરજ રાખી. કાયમ મહેનત કરીને પેટ ભર્યું છે. તને મારા આશીર્વાદ છે કે દુખિયાઓની સેવા કરજે. મહેનતને મહાન ગણજે. પરિશ્રમ આપણો પરમેશ્વર ગણાય. બેટા, ઉદાર રહેજે પણ કોઈનું ઉધાર ન લેતો. આ મારી આખરી શિખામણ છે.'

'હવે, બહું થયું બાપા !'

' જો બેટા ! હજુ તો કાલે સવારે આખાય ગામનાં ઘરેઘર ફરીને તારે પૂછી લેવાનું છે કે તારા બાપની માથે કોઈનું લેણું તો નથી ને?'

પછી સૌને મારે ઝાઝા ઝુહાર કરવા છે. સૌને મારે રામ રામ કહેવા છે અને મારા નાનકાને રમાડવો છે.'

'પણ, બાપા ! રામે જ આપણને વિસારી મેલ્યા છે, નહિ તો આપણી આ વલે હોય ?'

'લે વાત મેલ , હવે બે ઘૂંટ પાણી પાઈ દે, બેટા ! ઊંઘી જાઉં, પછી વહેલી પડે સવાર...!'





બાપાને બેઠા કરી, બે-ચાર ઘૂંટ પાણી પાઈ હળવેથી સુવાડયા; ગોદડું ઓઢાડી, ઘડી ભર તેનું હળવેથી માથું દબાવ્યું અને પગ દબાવ્યા.

'હવે જઈને સૂઈ જાઓ, બેટા ! આખા દિ'ના થાક્યા હશો. નાનકાને ખવડાવ્યું તો છે ને ? તેને ઓઢાડવાનું વહુને કહેજે, બેટા !' કહેતાં, બાપા ઊંઘી રહ્યાં હતાં. તેના માથા ઉપર મૂકેલો હાથ દીકરે હળવેથી લઈ લીધો.

સવારે દીકરાએ વહેલા ઊઠી, પ્રથમ બાપા સામે જોઈ લીધું. બાપા ઊંઘી રહ્યા હતા. તે રખે જાગી જાય તેની ચિંતામાં, તે હળવેથી ખડકી ઉઘાડીને ગામમાં જવા નીકળ્યો. ઘરેઘર જઈને તેણે પૂછી જોયું પણ તેના બાપનું કોઈ લેણિયાત ન હતું.

કોણ જાણે કેમ ? આજે તો બાપાના જીવને જાણે ધરપત હોય તેમ શાન્તિથી આખી રાત નિરાંતે ઊંઘ્યા જ કર્યું છે. જરા સરખાંય બોલ્યાં-ચાલ્યાં નથી કે પડખુંય ફેરવ્યું નથી. કારણકે રાતે બહુ વાતો કરી લીધી છે ને ! '

રોજ તો, બાપા પરોઢિયે છોકરાં ઢીબણિયું - તારોડિયું ઊગે તે પહેલાં જાગી જાય, પછી ઉધરસ ચડે, ત્યાં તો શ્વાસની ધમણ ફૂંફાડા દેવા લાગે. પણ આજે તો !'

ગોદડું થોડુંક ખસી ગયું છે. દીકરાએ ગોદડાનો છેડો સરખો કરતાં જરા ઊંચો કર્યો ને ધીમેથી કહ્યું, 'બાપા !'

બાપાનો બોલવાનો અણસારો ન આવતાં, તેમના ચહેરા ભણી નજર નાખી. તે હમણાં જાગી જશે તો કહેશે, ' દીકરા બેટા !' એવો મનોમન વિચાર આવ્યો. જોયું તો બાપાની આંખો ઢળેલી હતી. જાણે સવારની મીઠી નિંદર લઈ રહ્યા હોય તેમ તેમના ચહેરા પર પ્રસન્નભાવ પ્રસરેલો હતો. પણ, તેમના શ્વાસોશ્વાસ...? એવું મનોમન વિચારતાં દીકરે ધીમેથી તેમના કપાળ ઉપર હાથ મૂક્યો અને ઓચિંતુ બોલાઈ ગયું, જલ્દી આવો નાનકાના મમ્મી, બાપા તો..!'

ઓચિંતો પતિનો રડમસ સાદ સાંભળી પત્નીના હૈયે ઊંડી ફાળ પડી. તેણે નાનકાને ઉઠાડ્યો અને બાપાને ઓઢાડેલા ગોદડાની બહાર રહી ગયેલા તેમના હાથ પાસે લાવીને રાખી દીધો. હવે એ હાથ નિઃચેતન હતો. બાપા તો સ્વમાનભેર જીવન જીવીને સ્વધામ સિધાવી ગયા છે. આખું આયખું તેમણે આત્મનિર્ભર બનીને ગામડે પોતિકા ખોરડે જ વિતાવ્યું. પોતાના મૃત્યુ પછીના વિધિનો બોજ દીકરાને ઉઠાવવો ન પડે એટલે પોતાની કમાણીમાંથી સંગ્રહી રાખેલી મરણમૂડી પણ મૂકી ગયા છે. વળી, કોઈનું પણ લેણું માથે રાખ્યા વગર પોતાનો ચોપડો ચોખ્ખો રાખનાર એ માણસે હસતાં ચહેરે વિદાય લીધી ત્યારે દીકરો ને વહુ દિવંગત બાપાનાં ચરણે માથાં ટેકવીને પોક મૂકી રડી પડ્યાં.

# રસોઈને સ્વાદ-સોડમ બક્ષતી રોજિંદી વસ્તુઓ એટલી જ સ્વાસ્થ્યપ્રદ પણ



**વિશેષ**

આપણા રોજબરોજના ભોજનમાં આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ જે આપણી તંદુરસ્તી માટે અત્યંત લાભકારક હોય છે. પરંતુ આપણે તેના ફાયદાઓથી અજાણ હોઈએ છીએ. વળી નવી પેઢીના લોકોને પશ્ચિમી કે ચાઈનિસ વ્યંજનોનો એવો ચસકો લાગ્યો છે કે તેમને આપણા પરંપરાગત આહારમાં કાંઈ દમ નથી લાગતો. પરિણામે તેઓ આપણી સદાકાળ ચાલી આવતી સ્વાસ્થ્યપ્રદ વસ્તુઓના લાભથી વંચિત રહી જાય છે. આજે આપણે એવી કેટલીક વસ્તુઓ વિશે વાત કરીશું જેના વિશે જાણ્યા પછી નવી પેઢીના લોકો પણ ચોક્કસ કહેશે કે તે ખરેખર દમદાર છે.

અજમો : અજમાની સુગંધ જ આપણને તે ખાવા લલચાવે છે. અજમામાં રહેલો અર્ક પાચક રસોના સ્ત્રાવમાં વૃધ્ધિ કરે છે તેથી ખોરાક સારી રીતે પચે છે. અજમો રેચક હોવાથી કબજિયાત દૂર કરવામાં પણ સહાયક બને છે. વાસ્તવમાં આપણું વજન ન વધે એટલા ખાતર પણ ખોરાક સારી રીતે પચે તે જરૂરી છે. સાથે સાથે મળ પણ શરીરમાંથી નિયમિત રીતે બહાર ફેંકાઈ જાય એ પણ એટલું જ આવશ્યક છે. અજમામાં આ ગુણો હોવા ઉપરાંત તે શરદીમાં રાહત આપે છે. શરદીને કારણે નાક બંધ થઈ ગયું હોય તો તે જલદી ખુલે છે. અસ્થમા અને બોંકાઈટિસ જેવા શ્વસનને લગતા રોગોમાં તેમ જ માઈગ્રેન જેવા શિરદર્દમાં પણ ઘણી રાહત આપે છે.

દરરોજ માત્ર બે ગ્રામ જેટલો શેકેલો અજમો પણ એક જણ માટે પૂરતો થઈ રહે છે. તમે ચાહો તો અજમો, લીલી ચા, આદુ અને એલચી નાખીને ઉકાળેલું પાણી પણ પી શકો છો.

હિંગ : ભાગ્યે જ કોઈ ગુજરાતી ઘર એવું હશે જેના ઘરમાં હિંગનો વપરાશ ન થતો હોય. એક ચપટી હિંગ સમગ્ર રસોઈને સ્વાસ્થપ્રદ બનાવે છે. ગેસ, પેટ ફૂલવું, આમવાત ઈત્યાદિ દૂર રાખવામાં હિંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. હિંગનું સેવન રક્તને કુદરતી રીતે પાતળું રાખવામાં મદદ કરતું હોવાથી લોહીનું ઊંચુ દબાણ અંકુશમાં રહે છે. હિંગમાં રહેલા ચોક્કસ તત્વો રક્ત પરિભ્રમણ ઝડપી બનાવતાં હોવાથી બ્લડ ક્લોટ્સ થતાં અટકે છે. દરેક પ્રકારના વઘારમાં હિંગ નાખી શકાય. ખાસ કરીને પચવામાં ભારે હોય એવા વ્યંજનોમાં હિંગનો ઉપયોગ અચૂક કરવો.

જીરૃં : ચયાપચયની ક્રિયાને સુચારુ રીતે ચલાવવા તેમ જ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મહત્ત્વની કામગીરી બજાવતા લોહ તત્વની આપૂર્તિ માટે રોજિંદા આહારમાં જીરાનો પૂરતો ઉપયોગ કરો. જીરૃં પાચક રસોના સ્ત્રાવમાં મદદગાર બનતું હોવાથી ખોરાકનું પાચન સારી રીતે થાય છે. જીરૃં યકૃત અને સ્વાદુપિંડને સારી રીતે કાર્યરત રાખે છે. તે લિવરમાં રહેલા વિષારી તત્વોનો નાશ કરવામાં સહાય કરે છે. અને જ્યારે તમારા આ અંગો સારી રીતે કામ કરે ત્યારે અનિદ્રા જેવી સમસ્યાઓ આપોઆપ દૂર રહે છે. તેથી તમારી રસોઈના વઘારમાં જીરૃં અચૂક નાખો. તમે ચાહો તો થોડું જીરૃં પાણીમાં નાખી રાતભર પલાળી રાખો. સવારના આ પાણીને ઉકાળી-ગાળીને ઠંડુ થાય એટલે પી લો.

મીઠો લીમડો : મીઠો લીમડો આપણા સ્વાસ્થ્ય માટે ખરેખર મીઠો પુરવાર થાય છે. હળવું ક્ષાર તત્વ ધરાવતો લીમડો રસોઈને સ્વાદ-સોડમ બક્ષે છે. લીમડાના પાનમાં ડાયાબિટિસ ખાળવાના ભરપૂર ગુણો રહેલા છે. તે આપણા શરીર માટે સારા ગણાતા કોલેસ્ટોલમાં વૃધ્ધિ કરે છે તેથી હૃદય રોગનું જોખમ ઘટે છે. એટલું નહીં, મીઠો લીમડો ખોરાકનું પાચન કરાવવામાં, ત્વચાનો ચેપ રોકવામાં, વાળ વધારવામાં અને વજન ઘટાડવા સુધ્ધાંમાં સહાયક બને છે. તેથી દરેક વઘારમાં લીમડો નાખવાનું ન ભૂલો. વહેલી સવારે લીમડો ચાવીને ખાવો પણ લાભકારક બને છે.

કેસર : ગુણ અને રંગ-સોડમના ખજાના સમી અતિકિંમતી કેસરમાં રહેલું પાણીમાં ઓગળી જાય એવું 'ક્રોસિન'ના નામે ઓળખાતું કેરટીન કેન્સર સામે રક્ષણ આપે છે. અને તેનો રંગ પણ આ તત્વને જ આભારી છે. 'ક્રોસિન' યાદશક્તિ તેજ બનાવે છે અને પાર્કિન્સન સામે પણ સુરક્ષા આપે છે. મીઠાઈઓમાં કેસરનો ઉપયોગ ગુણકારી બની રહે છે. તેવી જ રીતે તે ઉકાળેલા દૂધમાં નાખીને પણ લઈ શકાય.

મેથી : મેથીના દાણા મધુપ્રમેહના દરદીઓ માટે આશિર્વાદરૂપ બની રહે છે. મેથી ઈન્સ્યુલીનની પ્રતિક્રિયા ઘટાડતી હોવાથી તે ડાયાબિટિસના દરદીઓ માટે શ્રેષ્ઠ અને સોંઘી ઔષધિ ગણાયછે. મેથીના દાણા શરીરમાંથી ટ્રાઈગ્લિસરાઈડ અને સિરમ ઘટાડવામાં મદદ કરે છે. તેનાથી કફ છૂટો થાય છે, તે દાહ-બળતરા શાંત કરે છે, તે રેચક હોવાથી કબજિયાત દૂર રાખે છે, તે આમવાતને કારણે પેટમાં થતાં શૂળને પણ દૂર રાખે છે એટલું જ નહીં મેથી અતિસારમાં પણ રાહત આપે છે. મેથી મૂત્રવર્ધક હોવાથી શરીરમાં રહેલા વિષારી તત્વોને મૂત્ર વાટે બહાર ફેંકવામાં સહાયક બને છે. તમે ચાહો તો દાળ-શાક ઈત્યાદિના વઘારમાં મેથી નાખી શકો. એક ટી-સ્પૂન મેથી દાણા રાતભર પાણીમાં પલાળી રાખીને એ પાણી સવારના ઉકાળી-ઠારીને પીઓ. તેમ જ આ પાણીમાં બફાઈ ગયેલા મેથીના દાણા ચાવીને ખાઈ જાઓ.

લસણ : લસણમાં રહેલું સલ્ફાઈડ નામનું તત્વ કોલેસ્ટરોલ ઘટાડવામાં, રક્તમાં ગઠ્ઠા પડતાં ખાળવામાં મદદ કરે છે. રોજનું બે કળી જેટલું લસણ પણ ચમત્કારી પરિણામ આપે છે.

આદુ : આદુ રોગપ્રતિકારક શક્તિમાં વૃધ્ધિ કરે છે અને શરદી-તાવ આઘા રાખવામાં મદદ કરે છે. માઈગ્રેનને કારણે થતાં શિરદર્દમાં પણ આદુ રાહતદાયક પુરવાર થાય છે. તે કેટલાંક હોર્મોન્સ માટે પણ અસરકારક બની રહે છે. મોટાભાગના ગુજરાતીઓ આદુવાળી ચા પીવાનું પસંદ કરે છે. તમે ચાહો તો થોડું આદું માત્ર પાણીમાં નાખીને ઉકાળીને પી શકો. તેવી જ રીતે સલાહના ડ્રેસિંગમાં આદુ સાથે સોયા સોસ, ઓલિવ ઓઈલ અને લસણનો ઉપયોગ પણ થઈ શકે.

# ક્ષમાપના - અંતરને પવિત્ર કરતું પર્યુષણ પર્વ

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

**ક્ષમા એ માત્ર શબ્દ નથી. તે એક વિચાર છે. તે એક સંસ્કાર છે. તે જીવન જીવવાની રીત છે. જ્યારે આપણે કોઈને દિલથી માફ કરીએ છીએ, ત્યારે આપણે બીજાને નહીં, પોતાને મુક્ત કરીએ છીએ આ જ છે પર્યુષણ પર્વનો મુખ્ય સંદેશ**

પર્યુષણ એટલે પોતાની પાસે આવવું. પોતાના આત્માની નજીક જવું. જૈન ધર્મમાં પર્યુષણ સૌથી મોટું પર્વ છે. તેને આત્માના શુદ્ધિકરણનું પર્વ કહેવાય છે. આ આઠ દિવસ સુધી ચાલે છે. શ્વેતાંબર સમાજમાં તેને પર્યુષણ અને દિગંબર સમાજમાં દસ લક્ષણ પર્વ કહે છે. આ દિવસોમાં લોકો ઉપવાસ કરે છે. તેઓ ધ્યાન કરે છે. તેઓ ગ્રંથો વાંચે છે. ક્રોધ, માન, માયા અને લોભથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે.

જૈન ધર્મની પરંપરા અતિ પ્રાચીન છે. તે અહિંસા પર આધારિત છે. જૈન ધર્મમાં કહેવાયું છે કે દરેક જીવમાં આત્મા છે. કોઈ જીવને દુઃખ ન આપવું જોઈએ. ભગવાન મહાવીર સ્વામીએ આ માર્ગ બતાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ક્ષમા એ વીરોનું ભૂષણ છે. જૈન સાધુઓ આખું વર્ષ ફરે છે. પરંતુ ચોમાસામાં એક જગ્યાએ રોકાય છે. જેથી નાના જીવોને નુકસાન ન થાય. આ રોકાવાના સમયને ચાતુર્માસ કહે છે. પર્યુષણ આ ચાતુર્માસ દરમિયાન આવે છે.

ક્ષમાપના નો સાચો અર્થ સમજવો જરૂરી છે.

પર્યુષણનો છેલ્લો દિવસ એટલે સંવત્સરી. આ દિવસને ક્ષમાપના દિવસ કહે છે. આ દિવસે બધા લોકો એકબીજાને કહે છે, "મિચ્છામિ દુક્કડમ્". તેનો અર્થ છે, મારા દ્વારા થયેલા દરેક ખરાબ કાર્ય માટે મને માફ કરો. જો મેં જાણતા કે અજાણતા તમારું મન દુભાવ્યું હોય, તો મને માફ કરો. આ માત્ર બોલવાનું નથી. તે દિલથી અનુભવવાનું છે.આજે પરંપરા ઔપચારિક બને નહી એ વસ્તુ જરૂરી છે.તમને માફ કરુંછું એ વસ્તુ માત્ર શાબ્દિક ઉચ્ચારણ બનીને રહી જાય તો એનો કોઈ અર્થ નથી. ક્ષમા દિલથી આપવાની છે.

મિચ્છામિ દુક્કડમ્ નું રહસ્ય આજે બહુ ઓછા લોકો જાણે છે.આ નાનો શબ્દ ખૂબ શક્તિશાળી છે. તે અહંકારને તોડી નાખે છે. જ્યારે આપણે કોઈની સામે હાથ જોડીને માફી માંગીએ છીએ, ત્યારે આપણો અહંકાર ઓગળી જાય છે. આપણે નાના બનીએ છીએ. અને નાનું બનવું એ જ મોટું બનવાની શરૂઆત છે. આ શબ્દ કહે છે કે હું સંપૂર્ણ નથી. મારાથી ભૂલ થઈ શકે છે.

જીવનમાં ક્ષમાનું મહત્વ આજના સમયમાં અનેક ગણું વધી ગયું છે. જીવનમાં આગળ વધવા માટે આ જરૂરી છે.

જીવનમાં દરેક વ્યક્તિથી ભૂલ થાય છે. ક્યારેક આપણે કોઈને દુઃખ પહોંચાડીએ છીએ. ક્યારેક કોઈ આપણને દુઃખ પહોંચાડે છે. જો આપણે તે દુઃખને મનમાં રાખી મૂકીએ, તો તે બોજ બની જાય છે. તે બોજ આપણને આગળ વધવા દેતો નથી. ક્ષમા તે બોજને ઉતારી દે છે. તે મનને હળવું કરે છે.

આગળ વધવા માટે ક્ષમા શા માટે જરૂરી છે? એવો પ્રશ્ન દરેકના મનમાં જાગે તે સ્વાભિવિક છે.

વિચારો, તમે ખભા પર ભારે થેલો લઈને ચાલો છો. તમે ઝડપથી ચાલી શકશો? ના. એમ જ, મનમાં ગુસ્સો, નફરત અને બદલાની ભાવના હોય તો જીવનમાં આગળ વધી શકાતું નથી. ક્ષમા એ થેલો ઉતારી દેવા જેવી છે. જે વ્યક્તિ માફ કરતા શીખી જાય છે, તે જીવનમાં શાંત રહે છે. તે નવા સંબંધો બનાવી શકે છે. તે પોતાના કામ પર ધ્યાન આપી શકે છે. માફી એ ભૂતકાળને ભૂલીને ભવિષ્ય તરફ જોવાનું નામ છે.

અહંકારથી મુક્તિનો માર્ગ એટલે આ પર્વ.ઘણી વખત આપણે માફી નથી માંગતા. કારણ કે આપણને એમ લાગે છે કે આપણે નાના થઈ જઈશું. આ અહંકાર છે. અહંકાર માણસનો સૌથી મોટો દુશ્મન છે. ક્ષમાપના અહંકારને મારવાનો દિવસ છે. તે દિવસે કહેવાય છે કે કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. બધા સમાન છે. સંબંધોને જોડતી ક્ષમા આજની તારીખે ખૂબ જરૂરી છે.




આજે સંબંધો તૂટી રહ્યા છે. નાની નાની વાતમાં ઝઘડા થાય છે. ક્ષમા સંબંધોને જોડવાનું કામ કરે છે. એક વખત દિલથી કહેલું મિચ્છામિ દુક્કડમ્ વર્ષો જૂના ઝઘડાને પૂરો કરી દે છે. પરિવારમાં, મિત્રોમાં અને સમાજમાં પ્રેમ વધે છે.

મનની શાંતિ માટે ક્ષમા જરૂરી છે.

જે વ્યક્તિ બીજાને માફ નથી કરતી, તે રાત્રે શાંતિથી સૂઈ શકતી નથી. તેના મનમાં હંમેશા વિચારો ચાલે છે. ક્ષમા મનને શાંત કરે છે. તે હૃદયને સાફ કરે છે. જ્યારે હૃદય સાફ હોય છે, ત્યારે જ ભગવાન ત્યાં વસે છે.

આજના સમયમાં ક્ષમાપનાનો સંદેશ સૌ માટે સમાન છે.આજે સોશિયલ મીડિયાનો યુગ છે. લોકો એકબીજાને ઝડપથી દુઃખ પહોંચાડે છે. આવી સ્થિતિમાં ક્ષમાપનાનું મહત્વ વધી ગયું છે. આ પર્વ આપણને શીખવે છે કે બોલતા પહેલા વિચારો. જો ભૂલ થઈ જાય તો માફી માંગવામાં મોડું ન કરો. અને કોઈ માફી માંગે તો તેને દિલથી માફ કરો. આ જ સાચો ધર્મ છે. આ જ સાચું જીવન છે.

છેલ્લે, ક્ષમાપના એ એક દિવસનો તહેવાર નથી. તે જીવન જીવવાની કળા છે. ચાલો, આપણે પણ આજથી નક્કી કરીએ. અમે કોઈનું મન નહીં દુભાવીએ. અને જો ભૂલ થશે તો તરત જ માફી માંગી લઈશું.

# સાત્વિક અને ચિરાગે ઈતિહાસ રચ્યો, ચીની જોડીને હરાવીને પહેલીવાર ચાઈના માસ્ટર્સનો ખિતાબ જીત્યો

નવીદિલ્હી,

ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પહેલીવાર ચાઈના માસ્ટર્સનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. ફાઈનલ મેચમાં, તેમણે ચીની જોડી હી જી ટીંગ અને રેન ઝિયાંગ યુને ૧૧-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૭ થી હરાવી હતી. પહેલો સેટ ગુમાવ્યા બાદ, ભારતીય જોડીએ શાનદાર વાપસી કરી અને આગામી બે સેટ જીતીને મેચ જીતી લીધી. આ વિજય સાથે, સાત્વિક અને ચિરાગે તેમની અગાઉની બે ફાઈનલ હારની નિરાશાને દૂર કરી. સાત્વિક અને ચિરાગે અગાઉ સેમિફાઈનલમાં નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને ટેન વી કિઓંગની મલેશિયન જોડીને હરાવી હતી.



ફાઈનલ મેચની શરૂઆતમાં, હી જી ટીંગ અને રેન ઝિયાંગ યુની ચીની જોડીએ ખૂબ જ આક્રમક રમત રમી. તેમણે સાત્વિક અને ચિરાગને કોઈ તક આપી નહીં અને પહેલી ગેમ ૨૧-૧૧ થી સરળતાથી જીતી લીધી. જોકે, પહેલો સેટ ગુમાવ્યા બાદ ભારતીય જોડીએ હાર માની નહીં. બીજી ગેમમાં, સાત્વિક અને ચિરાગે ઉત્તમ સંકલન અને બુદ્ધિમત્તા સાથે રમીને વિરોધી ટીમ પર દબાણ બનાવ્યું. પરિણામે, તેમણે બીજી ગેમ ૨૧-૧૩ થી જીતી, મેચ ૧-૧ થી બરાબર કરી.

ત્રીજી અને અંતિમ ગેમમાં બંને ટીમો વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો, પરંતુ ભારતીય જોડીએ નિર્ણાયક ક્ષણોમાં પોતાનું સંયમ જાળવી રાખ્યું. સાત્વિક અને ચિરાગે મેચના દબાણને ખૂબ જ સારી રીતે સંભાળ્યું અને ૨૧-૧૭ થી રમત જીતી. તેમની જીત સાથે, તેઓએ ચાઈના માસ્ટર્સ ટ્રોફી પણ જીતી. આ જીત સાથે, સાત્વિક અને ચિરાગે આખરે ૨૦૨૩ અને ૨૦૨૫ ની ફાઈનલમાં હારના દુખાવાને દૂર કર્યો.

ચાઈના માસ્ટર્સ ટુર્નામેન્ટ હંમેશા સાત્વિક અને ચિરાગ માટે મુશ્કેલ રહી છે. અગાઉ, ભારતીય જોડી ૨૦૨૩ અને ૨૦૨૫ માં ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ બંને વખત રનર-અપ રહી હતી. આ વખતે પણ, તેઓએ ફાઈનલમાં ચીનની એક મજબૂત સ્થાનિક ટીમનો સામનો કર્યો હતો, પરંતુ સાત્વિક અને ચિરાગે ભારે દબાણ છતાં નોંધપાત્ર વાપસી કરી અને ટ્રોફી જીતી. ચીનની ધરતી પર આ જીત ભારતીય જોડી માટે એક મોટી સિદ્ધિ છે.

# સીપીએલમાં ઈમરાન તાહિરની ટીમની સતત છઠ્ઠી જીત : ઓલરાઉન્ડર મોહમ્મદ નબીએ ૪ વિકેટ લીધી

નવીદિલ્હી,

સીપીએલ ૨૦૨૬ ની ૨૮મી મેચ ગુયાના એમેઝોન વોરિયર્સ અને સેન્ટ કિટ્સ અને નેવિસ પેટ્રિઓટ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં, ગુયાનાએ સેન્ટ કિટ્સને સાત વિકેટથી હરાવીને સિઝનમાં સતત છઠ્ઠી જીત નોંધાવી. આ જીત સાથે, ઈમરાન તાહિરની કેપ્ટનશીપવાળી ગુયાના પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ. તેમની ટીમ આ સિઝનમાં એક પણ મેચ હાર્યું નથી. આ મેચમાં ગુયાનાની જીતનો હીરો ૪૧ વર્ષીય અફઘાન ઓલરાઉન્ડર મોહમ્મદ નબી હતો. તેણે બેટ અને બોલ બંનેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ગુયાના પહેલા, એન્ટિગુઆ અને બાર્બુડા ફાલ્કન્સ પહેલાથી જ



પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ચૂક્યા હતા.આ મેચમાં સેન્ટ કિટ્સને પ્રથમ બેટિંગ કરવાની તક આપવામાં આવી હતી. તેમની આખી ટીમ ૨૦ ઓવર સુધી બેટિંગ કરી શકી ન હતી, ૧૯.૨ ઓવરમાં ૧૨૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ માટે એલિક એથાનાસે સૌથી વધુ રન બનાવ્યા હતા. તેમણે ૩૯ બોલમાં બે ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૫૨ રન બનાવ્યા હતા. કાયલ મેયર્સ અને દાસુન શનાકાએ ૨૦-૨૦ રનનું યોગદાન આપ્યું હતું. ઓપનર જોહ્નસન ચાર્લ્સે ૧૫ બોલમાં ૧૩ રન બનાવ્યા હતા.

# નાઈજીરીયાએ ઝિમ્બાબ્વેને રોમાંચક મેચમાં ૪ રનથી હરાવીને ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું

નવીદિલ્હી,

નાઈજીરીયાની મહિલા ક્રિકેટ ટીમે રોમાંચક મેચમાં ઝિમ્બાબ્વેને ૪ રનથી હરાવીને ૨૦૨૭ અંડર-૧૯ ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પણ મેચ હાર્યા વિના ક્વોલિફાય કરનાર નાઈજીરીયા આફ્રિકાની એકમાત્ર ટીમ બની. ટીમ હવે દક્ષિણ આફ્રિકાની સાથે વર્લ્ડ કપમાં તેના ખંડનું પ્રતિનિધિત્વ કરશે. બાંગ્લાદેશ અને નેપાળ આ મુખ્ય ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યા છે.

મેચમાં પ્રથમ બેટિંગ કરતા, નાઈજીરીયાએ મુશ્કેલ પીચ પર ૯૮ રન બનાવ્યા, જેમાં કેપ્ટન ક્રિસ્ટેબેલ ચુક્વુનીયે ૨૧, બ્યુટી ઓગુઈએ ૧૯ અને જેસિકા



બિએનીએ ૧૫ રનનું યોગદાન આપ્યું. ઝિમ્બાબ્વે તરફથી ક્રિસ્ટીન મુટાસાએ બે અને તાદિવાનાશે ગારુત્સાએ એક વિકેટ લીધી. જવાબમાં, નાઈજીરીયાના બોલરોએ શાનદાર અને સચોટ બોલિંગ કરી, ઝિમ્બાબ્વેને છેલ્લી ઓવરના પાંચમા બોલ પર ૯૪ રનમાં આઉટ કરીને વિજય મેળવ્યો.

૯૯ રનના લક્ષ્યનો પીછો કરતા, ઝિમ્બાબ્વેએ અંત સુધી નિયંત્રણ જાળવી રાખ્યું. સેલેમ મુસેકાએ સૌથી વધુ ૨૭ રન બનાવ્યા, જ્યારે બેથેલ ગિનિયામાએ ૨૧ અને નિકોલેટ ન્યાકાએ ૧૮ રનનું યોગદાન આપ્યું. નાઈજીરીયાના બોલરોએ યોગ્ય સમયે વિકેટ લઈને દબાણ જાળવી રાખ્યું. અંતે, ઝિમ્બાબ્વે મહિલા ટીમ વિજયથી દૂર રહી. યુસૈન પીસ સૌથી સફળ બોલર રહી, તેણે ત્રણ વિકેટ લીધી. જેનિફર ગોડવિન અને એન્નોયેડ અખીગ્બેએ બે-બે વિકેટ લીધી જેથી તેમની ટીમ આ નાના કુલ સ્કોરનો બચાવ કરી શકે અને વિજય મેળવી શકે.

પ્લેઓફ મેચોમાં, પાંચમા સ્થાન માટેની મેચમાં તાંઝાનિયાએ કેન્યાને ૨૯ રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, તાંઝાનિયાએ ૧૦૬ રન બનાવ્યા અને પછી કેન્યાને ૧૯ ઓવરમાં ફક્ત ૭૭ રનમાં ઓલઆઉટ કરી દીધું.

# રિંકુ સિંહની કેપ્ટનશીપ હેઠળ મેરઠની ટીમ બની ચેમ્પિયન ફાઈનલ મેચમાં લખનૌને ૯૪ રનથી હરાવ્યું

મેરઠ,


યુપી ટી૨૦ લીગ ૨૦૨૬ ની ફાઈનલમાં, રિંકુ સિંહની કેપ્ટનશીપ હેઠળ મેરઠ મેવેરિક્સે ભુવનેશ્વર કુમારની લખનૌ ફાલ્કન્સને ૯૪ રનથી હરાવ્યું. લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, મેરઠ શરૂઆતથી જ પ્રભુત્વ ધરાવતું રહ્યું અને પહેલી વાર ફાઈનલ રમી રહેલા લખનૌને વાપસીની કોઈ તક આપી નહીં. નોંધનીય છે કે મેરઠ સતત ચોથી વખત આ લીગની ફાઈનલમાં પહોંચ્યું. રિંકુ સિંહે અગાઉ દુલીપ ટ્રોફીમાં ઉપ-કેપ્ટન તરીકે સેવા આપી હતી.

મેરઠ મેવેરિક્સના કેપ્ટન રિંકુ સિંહે ટોસ જીતીને પ્રથમ બેટિંગ



કરવાનો નિર્ણય લીધો. ઓપનર સ્વસ્તિક ચિકારા અને દિવ્યાંશ જોશીએ ૫૩ રનની ઝડપી ઓપનિંગ ભાગીદારી કરી. ત્યારબાદ ઓપનર દિવ્યાંશ જોશીએ ધમાકેદાર પ્રદર્શન કર્યું અને લખનૌના બોલરોને ચકનાચૂર કર્યા. તેણે અનુભવી બોલર ભુવનેશ્વર કુમાર સહિત આખી ટીમ પર હુમલો કર્યો અને માત્ર ૪૦ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકારીને ૧૦૫ રનની ધમાકેદાર સદી ફટકારી. જોશીની શાનદાર સદીથી મેરઠ મેવેરિક્સે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૩ રનનો મજબૂત સ્કોર બનાવ્યો.૨૦૪ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતી વખતે, લખનૌ ફાલ્કન્સ દબાણ હેઠળ તૂટી પડ્યું. લખનૌનો કોઈ પણ બેટ્સમેન મેરઠની ચુસ્ત બોલિંગ સામે ટકી શક્યો નહીં, અને ટીમની વિકેટ પડતી રહી. અજિત વર્માએ થોડો પ્રતિકાર દર્શાવ્યો, ૨૪ બોલમાં ૩૯ રન બનાવ્યા, પરંતુ તેમના રનઆઉટથી લખનૌની બાકીની આશાઓ ખતમ થઈ ગઈ. મેરઠના બોલર વિશાલ ચૌધરીએ ઘાતક બોલિંગ કરી, ૨૪ રનમાં ૪ વિકેટ લીધી, જેનાથી લખનૌનો મધ્યમ ક્રમ તૂટી ગયો. લખનૌ ફાલ્કન્સ આખરે માત્ર ૧૬ ઓવરમાં ૧૦૯ રનમાં ઓલઆઉટ થઈ ગયુ.

# હાર્દિક પંડ્યા સાથેનો વીડિયો વાયરલ થતા બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ નારાજ





મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ તાજેતરમાં મુંબઈની તાજ પેલેસ હોટેલમાં જોવા મળી હતી, જ્યાં સ્ટાર ક્રિકેટર હાર્દિક પંડ્યા પણ હાજર હતો. આ દરમિયાન, અમીષા અને હાર્દિક ગપસપ કરતા જોવા મળ્યા, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. વીડિયોમાં, અમીષા હાર્દિક પંડ્યાને તેના મિત્રો સાથે પરિચય કરાવતી જોવા મળી. આ વીડિયો સામે આવતાની સાથે જ કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કરવાનું શરૂ કરી દીધું કે બંને વચ્ચે મિત્રતા કરતાં પણ વધુ કંઈક હતું. અમિષાએ હવે આ અફવાઓનો જવાબ આપ્યો છે.એક યુઝરે અમિષા અને હાર્દિક પંડ્યાની વાતચીતનો ક્લિપ શેર કર્યો, જે સૂચવે છે કે તેમની વાતચીત ફક્ત મિત્રતા કરતાં પણ વધુ હતી. યુઝરે તેમની વાતચીત દરમિયાન એક ક્ષણ તરફ ધ્યાન દોર્યું જ્યારે અમિષાએ હાર્દિક પંડ્યાના ખભા પર હાથ મૂક્યો. અમિષાએ આ પોસ્ટ જોતાં જ તે ગુસ્સે થઈ ગઈ. તેણે સોશિયલ મીડિયા યુઝરની એક સામાન્ય, મૈત્રીપૂર્ણ હાવભાવને રોમાંસ સાથે ભેળસેળ કરવા બદલ ટીકા કરી.એક્સ યુઝરે અમિષા પટેલ અને હાર્દિક પંડ્યાની વાતચીતનો એક વિડિયો શેર કર્યો, જેમાં લખ્યું, "બેંગલુરુની એક હોટલમાં પાર્ટી દરમિયાન અમિષાએ જે રીતે હાર્દિકના ખભા પર હાથ મૂક્યો તે રેડિટ પર ફેલાતી અફવાઓની પુષ્ટિ કરે છે."

# પ્રિયંકા ચોપરાએ બિગ બોસ-૨૦ ની સફર માટે મેરી કોમને શુભકામનાઓ પાઠવી

મુંબઈ,

ભારતની સૌથી પ્રખ્યાત બોક્સર, મેરી કોમ, સલમાન ખાનના રિયાલિટી શો 'બિગ બોસ ૨૦' માં ભાગ લેનારા ટીવી કલાકારો અને કન્ટેન્ટ સર્જકોમાંની એક છે. તેણીને ટેકો આપવા માટે, બોલિવૂડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ તેણીને એક ખાસ સંદેશ મોકલ્યો, જેમાં તેણીને ઉત્સાહિત કરવામાં આવ્યો. દેશી ગર્લનો આ વીડિયો સૌપ્રથમ બિગ બોસ સીઝન ૨૦ ના ગ્રાન્ડ પ્રીમિયર દરમિયાન ટીવી પર બતાવવામાં આવ્યો હતો. ત્યારબાદ નિર્માતાઓએ પ્રિયંકાના આ વીડિયોને સોશિયલ મીડિયા પર શેર કર્યો, જેમાં તે મેરી કોમને ટેકો આપતી જોવા મળે છે.





મેરી કોમ બિગ બોસના ઘરમાં પ્રવેશ કરે તે પહેલાં, હોસ્ટ સલમાન ખાને ખુલાસો કર્યો કે એક શુભેચ્છકે તેણીને એક ખાસ સંદેશ મોકલ્યો હતો. ત્યારબાદ પ્રિયંકાનો એક વીડિયો સંદેશ ચલાવવામાં આવ્યો હતો, જેમાં તેણીએ કહ્યું હતું કે, "હું તમને બધાને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. તમે બિગ બોસના ઘરમાં પ્રવેશ કરી રહ્યા છો, અને હું જાણું છું કે તમે કેટલા મજબૂત અને દૃઢ નિશ્ચયી છો."

પ્રિયંકા ચોપરાએ આગળ કહ્યું, "બીજા ઘરના સભ્યો માટે એક નાની ચેતવણીઃ જો તમે મેરી સામે ટકી રહેવા માંગતા હો, તો લાંબા અંતર માટે તૈયાર રહો. તેનો પરાજય ખૂબ મોંઘો છે. મેરી, ફક્ત તમારી જાત બનો, ખુલ્લા હૃદયથી રમો. હું ખરેખર તમારી સફરની રાહ જોઈ રહી છું. ઘણો પ્રેમ, અને હું હંમેશા તમારા માટે પ્રાર્થના કરું છું."પ્રિયંકાએ ભારતીય બોક્સર મેરી કોમની બાયોપિકમાં મેરી કોમની ભૂમિકા ભજવી હતી. ઓમંગ કુમાર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરા અને દર્શન કુમાર મુખ્ય ભૂમિકામાં હતા. સુનીલ થાપાએ પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૨૦૧૪ માં રિલીઝ થયેલી આ ફિલ્મને સકારાત્મક સમીક્ષાઓ મળી હતી અને તે સમયે મહિલા-પ્રમુખ ભારતીય ફિલ્મ માટે સૌથી વધુ ઓપનિંગ સપ્તાહના કમાણીનો રેકોર્ડ બનાવ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી અને તેને સંપૂર્ણ મનોરંજન પૂરું પાડતી શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો હતો.'બિગ બોસ ૨૦' ના પ્રીમિયરમાં, મેરીએ તેના બાળકોને સલમાન ખાન સાથે પરિચય કરાવ્યો. હોસ્ટ સાથે તેના પુત્રોની રમૂજી વાતચીત સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ભારતીય બોક્સરે વધુ સમય બગાડ્યો નહીં, અને પહેલા જ દિવસે, તેણી ગાયક કાઝી તૌકીર સાથે પથારીને લઈને દલીલમાં પડી ગઈ.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | વિ | ર | કા | ણિ | કા | ત | ળ | શિ | ણિ | ગી | મ |
| ર | ચા | સા | ત | કુ | ળો | ળ | ક્ષ | ઇ | સ | બા | ધ |
| વા | ર | ક | તુ | ણે | મો | ક | વિ | રો | ર | અઃ | ક |
| ળો | ણા | જી | કી | મા | દ | બં | જી | સા | બા | જ્ઞા | ડો |
| ળો | ઔ | શિ | કા | ર | મા | રો | ખ | ણ | ક | બૂ | ર |
| કા | ગ | વિ | ક્ષ | ગ | શિ | ગ | હા | મો | પ્ર | ણ | બા |
| વા | ર | જ્ઞા | સ | ણ | હિ | તી | ર | ભો | કા | કા | સ |
| દ | અ | ન | ક | સ | મા | ડો | બં | ર | ભા | પ્ર | અઃ |
| ર | કા | ણ | ક | રી | ઔ | ક | ધ | ણે | ર | શિ | વા |
| બ | કા | ઊ | હા | કા | સ | ન | સા | લ | સ | બ | બૂ |
| ર | ફ | ભા | ગં | ધ | બિ | સા | મા | ર | ઔ | સ | ર |
| ળ | ભો | વિ | કુ | ણ | કા | ક્ષ | બા | શિ | બૂ | ગ | ગી |

શબ્દ શોધો

**મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ**

# અભિનેતા ગોવિંદાએ મુંબઈમાં યોજાયેલ યુવા શક્તિ દહીં હાંડી કાર્યક્રમમાં હાજરી આપી

મુંબઈ,

ગોવિંદા છેલ્લા કેટલાક મહિનાઓથી તેમની પત્ની સુનિતા આહુજા સાથેના વૈવાહિક મુશ્કેલીઓ અને કોમલ રાની સાથેની તેમની આગામી ફિલ્મ "રૂપા" ની અફવાઓને કારણે સમાચારમાં છે. જ્યારે સુનિતા આહુજાએ ગોવિંદા પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા છે, ત્યારે અભિનેતાએ આ બાબતે મૌન રહ્યા છે, ફક્ત તેમની આગામી ફિલ્મ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમાં તેઓ વાપસી કરી રહ્યા છે. દરમિયાન, ગોવિંદાએ અભિનયમાં પાછા ફરવા વિશે વાત કરી છે. શનિવારે મુંબઈમાં "યુવા શક્તિ દહીં હાંડી" કાર્યક્રમમાં હાજરી આપતા ગોવિંદાએ ખુલાસો કર્યો કે એક નહીં, પરંતુ બે ફિલ્મો એક પછી એક રિલીઝ થઈ રહી છે. તેમણે એવી



બાબતોનો પણ ઉલ્લેખ કર્યો જે તેઓ સુધારવા માંગે છે. જોકે, તેમણે કોઈનું નામ લીધું નથી.


કાર્યક્રમ પછી મીડિયા સાથે વાત કરતા, ગોવિંદાએ તેમના અંગત જીવનમાં ચાલી રહેલી સમસ્યાઓનો ઉલ્લેખ કરતા કહ્યું, "ઘણી બધી બાબતો આકાશમાં લખાયેલી છે. હું દેવી માતાને પ્રાર્થના કરું છું કે તે સાફ થાય, અને ગોવિંદા તેમને સાફ કરે." જોકે ગોવિંદાએ વાતચીત દરમિયાન કોઈનું નામ લીધું ન હતું, પરંતુ આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ગોવિંદાનું અંગત જીવન સતત હેડલાઈન્સમાં રહે છે. ગોવિંદાની પત્ની સુનિતા આહુજાએ તેમના પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. તાજેતરમાં, રાખી સાવંત સાથે વાત કરતી સુનિતાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેણી ગોવિંદા પર બીજા લગ્ન કરવાની યોજના બનાવવાનો આરોપ લગાવતી સાંભળવા મળી હતી.આ વાતચીત દરમિયાન, ગોવિંદાએ તેમના ચાહકો પાસેથી પણ સમર્થન માંગ્યું. તેમણે તેમના તરફથી મળેલા સમર્થન વિશે વાત કરી. દહીં હાંડી ઉત્સવમાં ભીડ અને વાતાવરણનો ઉલ્લેખ કરતા ગોવિંદાએ કહ્યું, "મને તમારા સમર્થન અને સહકારની જરૂર છે.

# કૈલાશ ખેરે સમય રૈના અને શેરોન વર્માના બિહારી-કાશ્મીરી જોક્સ પર નારાજગી વ્યક્ત કરી

મુંબઈ,

ગાયક કૈલાશ ખેરે સ્ટેન્ડ-અપ કોમેડી શો "ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ" પર બિહાર અને કાશ્મીર સંબંધિત જોક્સ પર ટીકા વચ્ચે લોકોને જાગૃતિ અને સભ્યતા જાળવવા અપીલ કરી છે. તેમણે લોકોને સભાન અને નમ્ર બનવાની અપીલ કરી છે. ઈન્ડિયા'ઝ ગોટ ટેલેન્ટ સીઝન ૨ માં સમય રૈના અને હાસ્ય કલાકાર શેરોન વર્મા વચ્ચે થયેલી વાતચીતની ટીકા વચ્ચે કૈલાશ ખેરનો આ પ્રતિભાવ આવ્યો છે. બિહાર અને કાશ્મીર સંબંધિત મજાકને કારણે આ શોમાં રાજકીય ચર્ચા પણ શરૂ થઈ હતી. પહેલી સીઝનના સ્પર્ધક શેરોન વર્મા, સમય રૈના, ઓરી, નિશાંત સુરી અને અર્ચના પૂરણ






સિંહ સાથે પેનલિસ્ટ તરીકે એપિસોડમાં જોડાયા હતા.કૈલાશ ખેરને કાશ્મીરી પંડિતો અને બિહારીઓ સંબંધિત નિવેદનોની હાસ્ય કલાકાર દ્વારા કરવામાં આવેલી મજાક અને સ્ટેન્ડ-અપ કોમેડી અંગે સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચા વિશે પૂછવામાં આવ્યું. કૈલાશ ખેરે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું "જુઓ, જો હું તમને સંગીત વિશે કહું, તો સંગીત ફક્ત એક સૂર નથી; તે એવી વસ્તુ છે જે તમને હસાવી શકે છે. તે એક પ્રકારની શિસ્ત પણ છે." તેથી જ તમારે સંગીતને વળગી રહેવું જોઈએ. જો તમારું સંગીત યોગ્ય નથી, તો તમે કોઈની મજાક ઉડાવી શકો છો.

# કોળીયાક ભાદરવી અમાસના મેળા સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ






## મેળાની પૂર્વ તૈયારીઓ અને કાયદો-વ્યવસ્થા અંગે ભાવનગર ગ્રામ્ય પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

ભાવનગર,તા.૮

ભાવનગર તાલુકાના કોળીયાક ગામે આવેલ પવિત્ર નિષ્કલંક મહાદેવના સાંનિધ્યમાં આગામી તારીખ ૧૦ અને ૧૧ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ યોજાનાર ભાદરવી અમાસના લોકમેળા સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરું આયોજન હાથ ધરીને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ મેળાના સુચારુ સંચાલન અને વહીવટી સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે ભાવનગર કલેક્ટર કચેરીના ગ્રામ્ય પ્રાંત અધિકારી તમન્ના ઝાલોડિયાની અધ્યક્ષતામાં જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓ સાથે અગત્યની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

મેળો શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સઘન આયોજન કરવામાં આવ્યું છે. બેઠક દરમિયાન પ્રાંત અધિકારી દ્વારા ભાવિક ભક્તોની સુરક્ષા અને સુવિધા માટે ફાયર ફાઈટર, મોબાઈલ ટોઈલેટ, પાર્કિંગ વ્યવસ્થા, રેસ્ક્યુ ટીમની તૈનાતી, સતત પેટ્રોલીંગ, બેરીકેડિંગ, એસ.ટી. બસ સુવિધા, લાઈટ અને માઈક સિસ્ટમ, બચાવ કામગીરી માટે બોટ તથા મેડિકલ ટીમ સહિતની તમામ બાબતોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, મેળા દરમિયાન તમામ કામગીરી સુચારુ રીતે પાર પડે તે માટે સંબંધિત વિભાગના અધિકારીઓને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

## નિષ્કલંક મહાદેવ મંદિરના મેળા માટે પાર્કિંગ વ્યવસ્થા અંગે જાહેરનામું જાહેર

### ભાદરવી અમાસના મેળામાં વાહનવ્યવહારની સુગમતા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ૧૦ અને ૧૧ સપ્ટેમ્બરે વિવિધ વાહનો માટે રૂટ અને સ્થળ નિર્ધારિત કરાયા

ભાવનગર,તા.૮

ભાવનગરના કોળીયાક ગામ નજીક આવેલ પ્રસિદ્ધ નિષ્કલંક મહાદેવ મંદિર ખાતે તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ ભાદરવી અમાસ નિમિત્તે યોજાનાર મેળામાં વાહનવ્યવહાર સુચારુ રીતે જળવાઈ રહે તે માટે ભાવનગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણી દ્વારા એક વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજ સાંજે ૧૭:૦૦ કલાકથી તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે ૨૪:૦૦ કલાક સુધી એમ બે દિવસ માટે તમામ પ્રકારના વાહનોને લાગુ પડશે.

### જાહેરનામા મુજબ વાહન પાર્કિંગની નિર્ધારિત વ્યવસ્થા

**લક્ઝરી બસ અને ટ્રક:** ઘોઘા જકાતનાકાથી આડી સડક સુધીના માર્ગ પર તેમજ આડી સડકથી સુરકા ગામ સુધીના માર્ગ પર રસ્તાની એક તરફ પાર્કિંગની સુવિધા રહેશે (પ્રત્યેક માર્ગ પર આશરે ૧૦૦-૧૦૦ વાહનો)

**ફોરવ્હીલર, કાર, રિક્ષા, ઈકો અને નાના પીકઅપ:** પીપળીયા પુલથી ઘોઘા તરફ જતા માર્ગ પર આવેલા ખેતરની ખુલ્લી જગ્યામાં પાર્કિંગ રહેશે (આશરે ૫૦૦ વાહનો).

**મોટા વાહનો:** પીપળીયા પુલથી કોળીયાક તરફ જતા માર્ગ પર જમણી તરફ આવેલા કાળુભાઈ રાઘવભાઈ વળીયાના ખેતરમાં પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે.

**અલંગ અને લાખણકા તરફથી આવતા વાહનો:** ફોરવ્હીલર, રિક્ષા અને નાના પીકઅપ માટે હાથબ રાતા નાળા પાસે આવેલ સ્પોર્ટ્સ એકેડમીના ખુલ્લા મેદાનમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

**ટુ-વ્હીલર વાહનો:** અલંગ, લાખણકા તથા મલેકવદર તરફથી કોળીયાક તરફ આવતા ટુ-વ્હીલર માટે છોટાળા હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં પાર્કિંગ રહેશે.

**મિશ્ર વાહનો (ટુ/ફોરવ્હીલર, રિક્ષા, નાના પીકઅપ):** હાથબ બંગલા પાસેની ખુલ્લી જગ્યામાં ૧૦૦ ફોરવ્હીલર અને ૫૦૦ ટુ-વ્હીલર માટે જગ્યા ફાળવાઈ છે.

**એસ.ટી. બસો:** હોઈદડના પાટીયા પાસે આવેલા નાયરા પેટ્રોલ પંપ રોડ પર પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ગાળો બોલવાની ના પાડતાં હુમલો કરી યુવાનનો અંગૂઠો કાપી નાખ્યો, ચાર આરોપી ઝડપાયા

## ગાળો બોલવાની તકરારમાં પિતા પુત્રએ પર ધારિયા વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ચારેય શખ્સો દબોચાયા

ભાવનગર,તા.૮

ભાવનગર શહેરના ગંગાજળીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગાળો બોલવાની ના પાડવા જેવા નજીવા પ્રશ્ને ઉશ્કેરાઈ જઈ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી યુવકનો ડાબા હાથનો અંગૂઠો કાપી નાખવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા ૪ આરોપીઓને ગંગાજળીયા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, તા. ૦૫/૦૯/૨૦૨૬ ના રોજ ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ફરિયાદીના ઘરની સામેના વિસ્તારમાં આરોપીઓ ગાળો બોલતા હતા. જેથી ફરિયાદીના પિતાએ તેમને ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ત્યાંથી જતા રહ્યા હતા. ત્યારબાદ થોડીવારમાં આરોપીઓ તીક્ષ્ણ હથિયારો ધારણ કરીને પાછા આવ્યા હતા અને ફરિયાદીના પિતાને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા.

પિતાને બચાવવા માટે ફરિયાદી વચ્ચે પડતાં, આરોપી મનોજ ઉર્ફે મનો જગાભાઈ રાઠોડે પોતાની પાસે રહેલા ધારિયાનો ઘા ઝીંક્યો હતો. ફરિયાદીએ પોતાનો બચાવ કરવા ડાબો હાથ આડો ધરતાં ધારિયાનો ઘા વાગવાથી તેમના ડાબા હાથનો અંગૂઠો કપાઈ ગયો હતો અને ગંભીર ઈજા પહોંચી હતી. આરોપીઓએ હથિયારો બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ગંગાજળીયા પી.આઈ. આર.બી. ચૌહાણે સર્વેલન્સ સ્ટાફને આરોપીઓને પકડી પાડવા આદેશ આપ્યા હતા. સર્વેલન્સ સ્ટાફે બાતમીદારોને સક્રિય કરી, અલગ-અલગ ટીમો બનાવી ગુનો બન્યાના ૨૪ કલાકમાં જ રૂત્વીકભાઈ ઉર્ફે બાબા દીલીપભાઈ વેગડ (ઉ.વ. ૨૨, રહે. કરચલીયાપરા, કણબીવાડ), મનોજભાઈ ઉર્ફે મનો જગાભાઈ રાઠોડ (ઉ.વ. ૨૬, રહે. કરચલીયાપરા, પોપટનગર), મયુરભાઈ



ઉર્ફે ટટુ જગદીશભાઈ મકવાણા (ઉ.વ. ૨૨, રહે. કણબીવાડ) અને રવિ ઉર્ફે ભૂરો નરેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૨, રહે. હમીશજી પાર્ક, સુભાષનગર ચોક) નામના ચારેય આરોપીઓને ઝડપી લીધા હતા.

ઝડપાયેલા તમામ આરોપીઓ સામે મ્દ્રજી ની વિવિધ કલમો અને જી.પી. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# બોરતળાવ સહિતના 17 જળાશયોમાં મૂર્તિ વિસર્જન પર મહાપાલિકાનો પ્રતિબંધ

ભાવનગર,તા.૮

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ગણેશ ચતુર્થીના તહેવાર નિમિત્તે શહેરીજનોની સુરક્ષા અને જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. શહેરમાં આવેલા વિવિધ તળાવો (વોટર બોડી) માં મૂર્તિ વિસર્જન દરમિયાન કોઈ અકસ્માતની ઘટના ન બને તે હેતુસર તમામ તળાવોમાં મૂર્તિ વિસર્જન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા કમિશનર ડૉ. નરેન્દ્ર કુમાર મીના (IAS) દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યો છે. આ પ્રતિબંધ તા. ૧૪/૦૯/૨૦૨૬ થી તા. ૨૫/૦૯/૨૦૨૬ સુધી શહેરના નિર્ધારિત ૧૭ તળાવો પર અમલી રહેશે. જે ૧૭ તળાવો (વોટર બોડી) પર મૂર્તિ વિસર્જનનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં ગૌરીશંકર તળાવ (બોરતળાવ), ખોડીયાર તળાવ (રાજપરા), હજુરીયા તળાવ (નવા બંદર રોડ), પૂર્ણા તળાવ (નવા બંદર રોડ), અકવાડા મેઈન તળાવ (ઘોઘા રોડ), જત તળાવ-૧ (અકવાડા), જત તળાવ-૨ (અકવાડા), માલેશ્રી રીવર ચેકડેમ (ઘોઘા રોડ), નારી તળાવ (અમદાવાદ રોડ), નારી-કરદેજ રોડ તળાવ, તરસમીયા તળાવ (તરસમીયા ગામ), જાળિયું તળાવ (સીદસર), ટબુડી તળાવ (હિલપાર્ક અધેવાડા રોડ), ઝાંઝરિયા તળાવ (અધેવાડા), રૂવાપરી તળાવ (રૂવાપરી મંદિર), ફૂલઝરિયા તળાવ (અધેવાડા) અને ગંગાજળીયા તળાવ (રૂપમ ચોક) નો સમાવેશ થાય છે.

## જાહેર જનતાની સલામતી અને અકસ્માત નિવારણ માટે કમિશનર દ્વારા કડક આદેશો જાહેર કરાયા

# પીએમશ્રી ઘાંઘળી કે.વ. શાળામાં શિક્ષક દિનની અનોખી ઉજવણી: બાળકો બન્યા 'એક દિવસના શિક્ષક'





પીએમશ્રી ઘાંઘળી કેન્દ્રવર્તી શાળા ખાતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે શિક્ષક દિનની અત્યંત ઉત્સાહભેર અને અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલા એક દિવસીય સ્વયંશિક્ષક કાર્યક્રમમાં શાળાના કુલ ૫૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. આ બાળ-શિક્ષકોએ વર્ગખંડોમાં શૈક્ષણિક કાર્ય કરાવવા ઉપરાંત પ્રાર્થના સભા, શિસ્ત પાલન અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સફળ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ એ રહ્યું કે એક દિવસ માટે આચાર્ય બનેલી વિદ્યાર્થીનીએ શાળાનું સમગ્ર સંચાલન સંભાળી સ્ટાફ મિટિંગ પણ યોજી હતી.કાર્યક્રમ દરમિયાન શાળા પરિવાર દ્વારા તમામ બાળકો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. શાળાના આચાર્ય અને શિક્ષક પરિવારે બાળકોના આ સરાહનીય પ્રયાસને બિરદાવતા જણાવ્યું હતું કે, આવા આયોજનોથી વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, આત્મવિશ્વાસ અને જવાબદારીની ભાવના ખીલે છે તેમજ શિક્ષકો પ્રત્યેનો આદરભાવ વધુ દ્રઢ બને છે. કાર્યક્રમના અંતે ઉત્કૃષ્ટ સેવા આપનાર તમામ ૫૭ બાળ-શિક્ષકોને શાળા પરિવાર તરફથી પેન ભેટ આપી પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કુંભારવાડામાં રસ્તાના કૌટુંબિક વિવાદમાં ત્રાસી ગયેલી મહિલાએ ફિનાઈલ ગટગટાવ્યું

## વર્ષો જૂનો રસ્તો બંધ કરી ઝપાઝપી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો કાકીજી સાસુ, કાકાજી સસરા અને દિયર સામે ફરિયાદ

ભાવનગર,તા.૮

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ પાછળ ક્રિષ્ના (કૃષ્ણ) સોસાયટીમાં ચાલવાના રસ્તા બાબતે થયેલા ઝઘડામાં મહિલાએ મનદુઃખમાં ફિનાઈલ ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં પરિવારના જ ત્રણ સભ્યો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ દફતરે નોંધાયેલી એફ.આઈ.આર. અનુસાર, કુંભારવાડા ક્રિષ્ના સોસાયટી પ્લોટ નંબર ૩૪ ખાતે રહેતા ૪૧ વર્ષીય હંસાબેન કિશોરભાઈ કંટારીયાએ ફરિયાદ નોંધાવી છે કે તેઓ તેમના પતિ, ત્રણ બાળકો અને સસરા મોહનભાઈ હીરાભાઈ સાથે રહે છે. ફરિયાદીના સસરાના ભાઈઓ બાજુબાજુમાં રહે છે અને કાકાજી સસરાના ખુલ્લા પ્લોટમાંથી વર્ષોથી તેમના પરિવારને ચાલવાનો રસ્તો આપેલો હતો. પરંતુ છેલ્લા બે મહિનાથી કાકાજી સસરાના પરિવારે આ રસ્તે ચાલવાની ના પાડી રસ્તો બંધ કરી દીધો હતો, જેને લઈને તકરાર ચાલી રહી હતી.તા. ૦૭/૦૯/૨૦૨૬ના રોજ સવારે સાતેક વાગ્યે હંસાબેન દૂધ લેવા જવા માટે નીકળ્યા ત્યારે તેમના કાકીજી સાસુ હંસાબેન પ્રવિણભાઈ કંટારીયાએ રસ્તે ચાલવાની ના પાડી ગાળો આપી હતી, જ્યારે કાકાજી સસરા પ્રવિણભાઈ હીરાભાઈ કંટારીયાએ ચાલવાના રસ્તામાં ખાટલો મૂકી દીધો હતો. આ દરમિયાન ફરિયાદીના પતિ કિશોરભાઈ અને સસરા મોહનભાઈ સમજાવવા જતાં વાતાવરણ ઉગ્ર બન્યું હતું.દરમિયાન દિયર વિશાલભાઈ પ્રવિણભાઈ કંટારીયાએ આવીને "આ જગ્યા અમારી છે, હવે અહીંથી ચાલશો તો ટાંટીયા ભાંગી નાખીશ અને જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી હતી. આ સાથે વિશાલભાઈએ સસરા મોહનભાઈ સાથે ઝપાઝપી કરી ધક્કો મારી પછાડી દીધા હતા.

રસ્તો કાયમ માટે બંધ થઈ જશે તેવી માનસિક ચિંતા અને આઘાતમાં હંસાબેને ઘરમાં રહેલી ફિનાઈલની બોટલમાંથી ફિનાઈલ પી લીધું હતું. ઉલટી-ઉબકા થતાં જ પતિને જાણ થઈ હતી અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

હંસાબેનની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસે (૧) હંસાબેન પ્રવિણભાઈ કંટારીયા, (૨) પ્રવિણભાઈ હીરાભાઈ કંટારીયા અને (૩) વિશાલભાઈ પ્રવિણભાઈ કંટારીયા સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (મ્દ્રજી) ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ અને ૫૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ ગોરધનભાઈ ખેરાળા ચલાવી રહ્યા છે.

# જિલ્લા જેલમાં બંદીવાનોએ ૩.૫૧ કરોડથી વધુ મંત્રો લખી રચ્યો અધ્યાત્મનો કીર્તિમાન

## સાધનાથી પરિવર્તન તરફ: જેલ સુધારણા હેઠળ રામમંત્ર મંદિરના સહયોગથી જેલના બંદીવાનોએ હાથ ધર્યું મંત્રલેખનનું મહાઅનુષ્ઠાન

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લા જેલમાં સુધારાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે જેલ સુપ્રિન્ટેન્ડન્ટ ડી.ડી. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ એક અદ્ભુત અને આધ્યાત્મિક કાર્યક્રમ સંપન્ન થયો છે. જેલ સુધારણા કાર્યક્રમ અંતર્ગત કાળિયાબીડ સ્થિત પ્રસિદ્ધ રામમંત્ર મંદિરના પૂજારી રૂપેશભાઈ વ્યાસ દ્વારા બંદીવાનોને મંત્રલેખન માટે વિશેષ પુસ્તિકાઓ પૂરી પાડવામાં આવી હતી. જેલના બંદીવાનોએ પૂર્ણ શ્રદ્ધા અને એકાગ્રતાથી આ પુસ્તિકાઓમાં મંત્રલેખન કરીને તેને જમા કરાવતા એક મનોહર આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.




બંદીવાનો દ્વારા કરવામાં આવેલા મંત્રલેખનમાં ૨,૮૧,૧૬,૨૮૦ વખત 'રામનામ', ૧૩,૪૭,૫૦૦ વખત 'સીતારામ', ૫૭,૦૦,૦૦૦ વખત 'ૐ નમઃ શિવાય', ૨,૫૨૫ વખત 'ગાયત્રી મંત્ર', ૮,૦૦૦ વખત 'મહામૃત્યુંજય મંત્ર' અને ૪,૫૫૧ વખત 'નવકાર મંત્ર'નું આલેખન કરવામાં આવ્યું છે. આ રીતે કુલ મળીને ૩,૫૧,૭૮,૫૦૦ (ત્રણ કરોડ એકાવન લાખ અઠ્યાત્તેર હજાર પાંચસો) જેટલી વિશાળ સંખ્યામાં મંત્રોનું આલેખન થતાં જેલ પરિસરમાં એક મહાઅનુષ્ઠાન સમાન અપૂર્વ અને પવિત્ર ઘટનાનું સર્જન થયું છે.આ ધાર્મિક અને ભક્તિમય પ્રવૃત્તિ બદલ ભાવનગર જિલ્લા જેલ સત્તામંડળ દ્વારા રામમંત્ર મંદિરના પૂજારી તેમજ ટ્રસ્ટીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉમરાળામાં નદી કિનારે વાડી પાસે જુગાર રમાડતા ૪ શખ્સો ઝડપાયા

## પોલીસે બાતમીના આધારે દરોડો પડી ચારને ઝડપી લઈ ગુન્હો નોંધ્યો

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના ઉમરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નદીના સામા કાંઠે વાડી પાસે જાહેરમાં ગંજીપતાના પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રહેલા ૪ શખ્સોને ઉમરાળા પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને રંગેહાથ ઝડપી લીધા છે.

ભાવનગર રેન્જ આઈજી આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચના મુજબ ઈન્ચાર્જ પી.આઈ. એચ.પી. બારડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન ઉમરાળા ગામે નદી કિનારે કિશોરભાઈ જેતાપરાની વાડી પાસેની પડતર જગ્યામાં જુગાર રમાઈ રહ્યો હોવાની ખાનગી બાતમી મળતા પોલીસે દરોડો પાડ્યો હતો.

આ રેઈડ દરમિયાન પોલીસે કિશોરભાઈ મનજીભાઈ જેતાપરા, મનોજભાઈ ભીખાભાઈ ચુડાસમા, રણછોડભાઈ કાળુભાઈ પરમાર અને વિવેકગીરી બળવંતગીરી ગોસાઈને ઝડપી લીધા હતા. ઘટનાસ્થળેથી ગંજીપતાના પાના અને રોકડા રૂ. ૧૦,૮૦૦ મળી કુલ રૂ. ૧૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી ચારેય આરોપીઓ સામે જુગાર પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ભાવનગર લઠ્ઠાકાંડ: મિથેનોલના બોગસ બિલ બનાવનાર આરોપી દિલ્હીથી ઝડપાયો, ૩ દિવસના રિમાન્ડ મંજૂર



## ઝેરી દારૂકાંડમાં SMC દ્વારા દિલ્હીથી મનજીતસિંઘની ધરપકડ; કુલ પકડાયેલા ૪૦ આરોપીઓમાંથી ૩૮ જેલહવાલે, પોલીસ કોન્સ્ટેબલ સહિત ૨ આરોપીઓ હાલ રિમાન્ડ પર

ભાવનગર,તા.૮

ભાવનગરના ચકચારી લઠ્ઠાકાંડમાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા તપાસનો ધમધમાટ ચાલુ રાખવામાં આવ્યો છે, જેમાં વધુ એક આરોપીની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી છે. રાજ્યભરમાં હાહાકાર મચાવનારા આ નકલી રોયલ સ્ટેગ વિદેશી દારૂકાંડમાં ૧૩ નિર્દોષ લોકોના મોત નીપજ્યા હતા. આ ઘટનાની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે મુખ્ય સૂત્રધારોએ ઝેરી દારૂ બનાવવા માટે જરૂરી કેમિકલયુક્ત મિથેનોલ દિલ્હીથી મેળવ્યું હતું. આ મિથેનોલના જથ્થાને કાયદેસર બતાવવા માટે તેને કાગળ પર થિનર તરીકે દર્શાવી બોગસ બિલ બનાવી આપવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ બોગસ બિલ બનાવનાર પશ્ચિમ દિલ્હીના મુંડકા ખાતે રહેતા મનજીતસિંઘ ક્રિશનચંદ્ર સૈનીની SMC દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને તેને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરાતાં અદાલતે ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ૩ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે, જેના પગલે આ કેસમાં કુલ ધરપકડનો આંકડો ૪૦ પર પહોંચ્યો છે.

બીજી તરફ, SMCની ટીમે રાજ્ય બહાર તપાસનો વ્યાપ વધારી દિલ્હીથી પ્રમોદ બુડાકોટી, રોહિત પ્રધાન અને કેશવ જાટવને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી ભાવનગર લાવ્યા બાદ અટકાયત કરી હતી. આ ત્રણેય આરોપીઓ ઉપરાંત અગાઉ પકડાયેલા દિનેશ શાક્ય, લખન છાંડી, પાર્થ મજેઠીયા, પાર્થ બુધેલીયા, જગદિશસિંહ ગોહિલ, અર્જુનસિંહ ગોહિલ અને આગ્રાથી ઝડપાયેલા ઉમેદસિંગ સહિત કુલ ૧૦ આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં અદાલત મારફતે તમામને જિલ્લા જેલહવાલે કરી દેવામાં આવ્યા છે. આ સાથે જ અત્યાર સુધીમાં ઝડપાયેલા ૪૦ આરોપીઓ પૈકી ૩૮ આરોપીઓ જેલહવાલે થઈ ચૂક્યા છે.

આ ઉપરાંત, આ કેસમાં લઠ્ઠાકાંડના મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સાથે સતત સંપર્કમાં રહેલા અને કોલ ડિટેઈલ રેકોર્ડ્સ (CDR)માં સંડોવણી સ્પષ્ટ થતાં વેળાવદર ભાલ સનેસ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ રાજદિપસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલની પણ ધરપકડ કરી સઘન પૂછપરછ ચલાવવામાં આવી રહી છે. હાલ આ પોલીસ કોન્સ્ટેબલ તેમજ દિલ્હીથી ઝડપાયેલા મનજીતસિંઘ બંને આરોપીઓ એસએમસીના રિમાન્ડ હેઠળ પૂછપરછ હેઠળ છે, જેમના દ્વારા આગામી દિવસોમાં વધુ ચોંકાવનારા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે.

## જન્મદિન શુભેચ્છા

### સેવાનો સમીયાણો ભરતભાઈ મોણપરાનો આજે જન્મદિવસ



ભાવનગર શહેર અને જિલ્લામાં સામાજિક તથા યુવા પ્રવૃત્તિઓમાં સતત સક્રિય રહેતા સરદાર યુવા મંડળના પ્રમુખ અને જાણીતા સામાજિક કાર્યકર ભરત એ. મોણપરાનો આજે તા. ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જન્મદિન છે. ભરતભાઈ બિનવારસી લાશના અગ્નિસંસ્કાર, જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટ વિતરણ, રક્તદાન કેમ્પ અને રાષ્ટ્રીય મહાપુરુષોની જયંતીની ઉજવણી જેવા અનેક સેવાકીય કાર્યો કરે છે. મૂળ વતન વંથલી તાલુકાનું સાંતલપુર - જૂનાગઢ છે. નાનપણ અને અભ્યાસ આલીધરામાં થયો, જ્યાં નાના પ્રેમજી બાપા ગજેરા પાસેથી સેવાની અને મામા ગોરધનભાઈ ગજેરા પાસેથી સાહસની પ્રેરણા મળી. માતા-પિતા ખેતી કામ કરતા, નાનો ભાઈ મનોજ ખેતીકામ સાથે જોડાયેલા છે. હાલ ભાવનગરના ભરતનગર વિસ્તારમાં રહીને સેવાયજ્ઞ ચલાવતા ભરતભાઈને આ કાર્યમાં ધર્મપત્ની રંજનબેન અને ત્રણ દીકરીઓ—જિજ્ઞાબેન , હિરલબેન અને ભૂમિબેનનો સંપૂર્ણ સાથ મળે છે. તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવવા માટે મો. નંબર ૯૪૨૬૯૫૧૪૫૦ ઉપર સંપર્ક કરી શકાશે.

# ભાવનગરમાં પર્વાધિરાજ પર્યુષણનો ધર્મઉલ્લાસ સાથે પ્રારંભ

## ઉપાશ્રયો અને દેરાસરોમાં વિશિષ્ટ આરાધના, જિનપૂજા અને તપશ્ચર્યાનો પ્રારંભ; સાધુ ભગવંતોની નિશ્રામાં યોજાશે વ્યાખ્યાન





ભાવનગર,તા.૮

ભગવાન મહાવીર સ્વામીના અહિંસા, સંયમ અને દયાના સંદેશને ચરિતાર્થ કરતા મહામંગલકારી પર્વાધિરાજ પર્યુષણનો આજથી શ્રદ્ધાભેર પ્રારંભ થયો છે. જૈન ધર્મના આ પવિત્ર મહાપર્વ દરમિયાન આગામી શનિવારે ભગવાન મહાવીર સ્વામી જન્મવાંચન મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે, જ્યારે મંગળવારે પવિત્ર સંવત્સરી મહાપર્વ ઉજવવામાં આવશે. પર્યુષણના આ આઠ દિવસો દરમિયાન જૈન સમાજના લોકો પોતાના મન, વચન અને કાયાથી થયેલા દોષો તથા ભૂલોની ક્ષમા યાચના કરી એકબીજાને ખમાવશે.

ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને અનુષ્ઠાનોનું ભાવભર્યું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાવનગર શહેરના દાદાસાહેબ, કૃષ્ણનગર, શાસ્ત્રીનગર, વડવા, સુભાષનગર, રૂપાણી, વિદ્યાનગર, આનંદનગર, તૃપ્તી ઉપાશ્રય અને વિઠ્ઠલવાડી ઉપાશ્રય સહિતના જુદા જુદા વિભાગો, જિનાલયો અને ઉપાશ્રયોમાં જૈન સમાજ દ્વારા પર્યુષણ મહાપર્વની આરાધના શરૂ કરવામાં આવી છે.

પર્વાધિરાજ પર્યુષણ નિમિત્તે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં વિશિષ્ટ આરાધનાઓ તથા જૈન ધર્મગ્રંથોના વ્યાખ્યાન યોજવામાં આવશે. વિવિધ જૈન સંઘોમાં શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા મોટા પ્રમાણમાં તપશ્ચર્યા, પૌષધ, સામાયિક અને જિનપૂજા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તમામ જિનાલયોમાં પ્રભુજીને વિશિષ્ટ અને મનોરમ્ય આંગી રચવામાં આવશે. પર્યુષણ પર્વ દરમિયાન શ્રદ્ધાળુઓ પોતાની શક્તિ મુજબ ઉપવાસ, અઠ્ઠાઈ તેમજ આઠ દિવસ સુધી પૌષધ વ્રત કરી ભક્તિભાવમાં લીન બનશે.

# "સામે કેમ જુએ છે" કહી બે યુવકો પર હુમલો: ચાર સામે પોલીસમાં ફરિયાદ

## પ્રભુદાસ તળાવ પાસે મામા-ફોઈના ભાઈઓને ગાળો આપી ઢોર માર માર્યો

ભાવનાગર,તા.૮

ભાવનગરના ઘોઘારોડ વિસ્તારમાં આવેલ પ્રભુદાસ તળાવ પાસે સામાન્ય બોલાચાલીમાં બે યુવકો પર ચાર શખસોએ હુમલો કરી ઢોર માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. સોડા પીતી વખતે "સામે કેમ જુએ છે" કહી બોલાચાલી કરી હુમલો કરવામાં આવ્યો હતો, જે અંગે ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ સામે ગુનો નોંધાયો છે.

મળતી વિગતો અનુસાર, ભાવનગરના ખેડુતવાસ વિસ્તારમાં રહેતા રાધાબેન દિનેશભાઈ બારૈયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૦૩/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૧૦:૦૦ વાગ્યાના સુમારે તેમનો પુત્ર વિજય અને ભાણેજ સુમીત (ઉર્ફે આકાશ) પ્રભુદાસ તળાવ પાસે આવેલી સોડાની દુકાને સોડા પીવા ગયા હતા.દરમિયાન ત્યાં સોડા પીતા ખેડુતવાસના જ સાહીલ (ઉર્ફે ડાળ સોલંકી) અને સુમીત (ઉર્ફે ઉંદરડી) નામના બે શખસોએ "સામે કેમ જુએ છે" તેમ કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. યુવકોએ ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા બંને શખસોએ તેમની સાથે મારામારી શરૂ કરી દીધી હતી. આ દરમિયાન તેમના અન્ય બે મિત્રો સચીન વેગડ અને કાળો રાઠોડ પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને ચારેય જણાએ ભેગા મળી વિજય અને સુમીતને શરીરે મૂઢ માર મારી ઈજાઓ પહોંચાડી હતી.બનાવને પગલે આસપાસના લોકો ભેગા થઈ જતાં આરોપીઓ બંને યુવકોને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા.

આ બનાવ સંદર્ભે ઈજાગ્રસ્ત યુવકની માતા રાધાબેનની ફરિયાદના આધારે ઘોઘારોડ પોલીસે ચારેય આરોપીઓ સાહીલ ઉર્ફે ડાળ સોલંકી, સુમીત ઉર્ફે ઉંદરડી, સચીન વેગડ અને કાળો રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવ. એરપોર્ટ ખાતે ILS કાર્યરત: વિમાનોના લેન્ડિંગમાં ચોકસાઈ અને સુરક્ષા વધશે

## ખરાબ વાતાવરણ, ઘાટ ધુમ્મસ કે ભારે વરસાદમાં પણ ફ્લાઈટો સરળતાથી સેફ લેન્ડ થઈ શકશે; નાઈટ લેન્ડિંગ અને નવી એરલાઈન્સનો માર્ગ મોકળો થયો

ભાવનગર,તા.૦૮

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા ભાવનગર એરપોર્ટ ખાતે નવી અદ્યતન ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) સફળતાપૂર્વક કમિશન એટલે કે કાર્યરત કરી દેવામાં આવી છે. આ નવી ટેકનોલોજીના આગમનથી એરપોર્ટ પર વિમાનોના લેન્ડિંગમાં ચોકસાઈ, સુરક્ષા અને કાર્યક્ષમતામાં ધરખમ વધારો થશે.

અત્યાર સુધી ચોમાસામાં ભારે વરસાદ અને શિયાળા દરમિયાન ઘાટ ધુમ્મસ કે ઓછી વિઝિબિલિટીવાળા વાતાવરણમાં ફ્લાઈટોને અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરવી પડતી હતી અથવા રદ કરવાની ફરજ પડતી હતી, પરંતુ આ સિસ્ટમ કાર્યરત થતાં હવે મુસાફરોને આ મુશ્કેલીઓ અને કેન્સલેશનની સમસ્યામાંથી મુક્તિ મળશે. ભાવનગર એરપોર્ટ તંત્ર દ્વારા એવિએશન સેફ્ટીના ક્ષેત્રે આ એક મોટું પગલું ભરવામાં આવ્યું છે.

આ નવી ILS સિસ્ટમથી એરલાઈન્સ કંપનીઓનો ઈંધણ અને સમયનો બગાડ અટકશે, તેમજ એરપોર્ટની કેટેગરી સુધરશે જેનાથી ભવિષ્યમાં નાઈટ લેન્ડિંગ અને અન્ય મેટ્રો શહેરો માટે નવી એરલાઈન્સ શરૂ કરવાનો માર્ગ વધુ સરળ બનશે.

ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) એ જમીન પર આધારિત અત્યંત સચોટ રેડિયો નેવિગેશન સિસ્ટમ છે, જે રનવે પર લેન્ડિંગ કરી રહેલા વિમાનને સેન્ટર લાઈનમાં રાખવા ડાબે-જમણે વળવાના રેડિયો સિગ્નલો મોકલે છે. તે વિમાન યોગ્ય ઉતરાણ કોણ (આશરે ૩ ડિગ્રી) પર રહે અને રન-વે થ્રેશોલ્ડ સુધીનું બાકીનું અંતર પાયલોટને રીઅલ-ટાઈમમાં મળે તે સુનિશ્ચિત કરે છે, જેથી ધુમ્મસ કે વરસાદ દરમિયાન રન-વે સ્પષ્ટ ન દેખાય તોપણ સેફ લેન્ડિંગ શક્ય બને છે.

ઉલ્લેખનીય છે કે ભાવનગર એરપોર્ટ ૨૯૫ એકરનો વિશાળ રન-વે અને આધુનિક ટર્મિનલ ક્ષમતા ધરાવે છે, જ્યાંથી હાલ નવી મુંબઈ માટે સવાર-સાંજની બે નિયમિત ફ્લાઈટ અને સુરત માટે નોન-શેડ્યુઅલ ફ્લાઈટ ચલાવવામાં આવે છે, સાથે જ અવારનવાર ચાર્ટર ફ્લાઈટોનું સંચાલન થાય છે.

# લોકો પાઈલટની સતર્કતાથી વનરાજનો બચાવ: રાજુલા સેક્શનમાં ટ્રેક પર સિંહ આવતાં માલગાડી રોકી દેવાઈ

## ભાવનગર મંડળે ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ૬૫ સિંહોને સંભવિત રેલ અકસ્માતથી ઉગાર્યા



ભાવનગર,તા.૮

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા વન્યજીવોની સુરક્ષા માટે વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે. ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાજુલા સિટી-રાજુલા જંકશન રેલખંડ પર માલગાડીનું સંચાલન કરી રહેલા લોકો પાઈલટ રિકેશ કુમાર ભાટિયા અને વરિષ્ઠ સહાયક લોકો પાઈલટ કૈલાશ કુમાવતે ટ્રેક પર એશિયન સિંહને જોતાં જ તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેન સુરક્ષિત રીતે રોકી દીધી હતી.

ઘટના બાદ ટ્રેન મેનેજર અને રાજુલા સિટીના ઉપ સ્ટેશન અધિક્ષકને જાણ કરાતાં વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર ભરતભાઈ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સિંહને ટ્રેક પરથી સુરક્ષિત રીતે દૂર કર્યો હતો.

રેલવે અને વન વિભાગ વચ્ચેના સચોટ સંકલનને કારણે અનેક સિંહોના જીવ બચ્યા છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫૯, ૨૦૨૫-૨૬માં ૧૨૯ અને વર્તમાન વર્ષ ૨૦૨૬-૨૭માં એપ્રિલથી અત્યાર સુધી ૬૫ એશિયન સિંહોને અકસ્માતથી બચાવવામાં આવ્યા છે. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા અને વિદ્યુત ઈજનેર વિજેન્દ્ર કુમાર મીણા સહિતના વરિષ્ઠ અધિકારીઓએ લોકો પાઈલટોની આ ત્વરિત કાર્યવાહી અને સતર્કતાની પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા હતા.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કોર્ટમાં-વલ્લભીપુર**

**કેસ રજી નં ૩૨/૨૦૨૬**

**જન્મ તા.૦૮/૦૮/૧૯૮૬**

**શ્રી રાઠોડ નરેશકુમાર જેસંગભાઈ**

**રહે. નવી રાજસ્થળી તા.વલ્લભીપુર, જી.ભાવનગર**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજીસ્ટ્રાર**

**અને તલાટી કમ મંત્રીશ્રી નવી રાજસ્થળી,તા. વલ્લભીપુર,જી.ભાવનગર.**

**વિષય :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાઠોડ નરેશકુમાર જેસંગભાઈ રહે.નવી રાજસ્થળી, નો જન્મ તા.૦૮/૦૮/૧૯૮૬ ના રોજ મું.નવી રાજસ્થળી, તા.વલ્લભીપુર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરવા રજુ કરેલ, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ શિહોરના તા.૩૦/૦૬/૨૦૨૩ ના હુકમથી જન્મ-મરણના બનાવોની નોંધણી કરવાની સત્તા અત્રને એનાયત કરેલ હોય, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે હાજર રહેવું તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તા.૯ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગ્રામ્ય**

# પર્યુષણ નિમિત્તે ભાવનગરમાં ૯ દિવસ મટન માર્કેટ અને કતલખાના બંધ રાખવા આદેશ

## હુકમનો અનાદર કરનાર સામે કાયદાકીય કાર્યવાહી કરાશે

ભાવનગર,તા.૮

જૈન ધર્મના પવિત્ર તહેવાર પર્યુષણ પર્વ અને સંવત્સરીને ધ્યાનમાં રાખીને ભાવનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અહિંસા, દયા અને સંયમના આ પર્વ દરમિયાન શ્રદ્ધાળુઓની ધાર્મિક ભાવો સચવાય તે હેતુથી શહેરમાં આવેલી મટન માર્કેટ તેમજ મહાનગરપાલિકા સંચાલિત કતલખાના તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬થી તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી સતત ૯ દિવસ માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો કડક આદેશ જારી કરવામાં આવ્યો છે.

આ ૯ દિવસના સમયગાળા દરમિયાન ભાવનગર મનપા સંચાલિત મટન માર્કેટ અને કતલખાના બંધ રહેવાની સાથે માંસ-મટનનો સંગ્રહ કરવા કે તેનું વેચાણ કરવા પર પણ સખત મનાઈ ફરમાવવામાં આવી છે. પાલિકા તંત્ર દ્વારા શહેરના તમામ વેપારીઓને આ હુકમનું કડકપણે પાલન કરવા સૂચના આપવામાં આવી છે અને જો કોઈ આ આદેશનો અનાદર કરશે તો તેની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

**કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯–૨૭૧૪૭૨) ઓન લાઈન જાહેર નિવીદા નં.૧૬(બીજો પ્રયત્ન) ૨૦૨૬-૨૭ આપવામાં આવેલ કામ માટે ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ તા.૧૬/૦૯/૨૦૨૬ અને સમય ૧૮.૦૦ કલાક સુધી તેમજ ટેન્ડર ખોલવા ની તારીખ તા.૧૭/૦૯/૨૦૨૬ અને સમય ૧૨.૦૦ કલાકે રહેશે.મુળ નિવીદા ની શરતો યથાવત રહેશે.**

માહિતી-ભાવ-૬૧૭-૨૬

**ઓન લાઈન જાહેર નિવીદા નં.૧૯./ ૨૦૨૬-૨૭**
**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯–૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| આયોજન | ૧ કામ | ૨૯.૨૦ લાખ |
| આઈ.સી.ડી.એસ. | ૩ કામ | ૩૧ લાખ |

આ કામના ટેન્ડરોhttps://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે.અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે.આ અંગે ની વિગત વાર વિજ્ઞાપન મા.મ પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામા આવશે.ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમયે | તા.૧૮/૦૯/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય | તા.૧૯/૦૯/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી,બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડી થી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૬૧૪-૨૬

**ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર**

**કરાર આધારીત જગ્યાની જાહેરાત**

ભાવનગર મહાનગરપાલિકાના જી આઈ.એસ સેલ વિભાગ ખાતે એક જીઆઈએસ એનાલીસ્ટ/સ્પેશિયાલીસ્ટ અને એક આઈ ટી એક્ષપર્ટ ૧૧ માસ અથવા આ કામગીરી પૂર્ણ થાય તે બે માથી જે વહેલું હોય ત્યાં સુધી જગ્યા ભરવા માટે તા.૨૩/૦૯/૨૦૨૬ સાંજના ૬ કલાક સુધીમાં નીચે મુજબના અનુભવ અને લાયકાત ધરાવતા ઉમેદવારો દ્વારા અરજી કરી મહેકમ વિભાગ,ભાવનગર મહાનગરપાલિકાની કચેરી, ભાવનગર ખાતે સ્પીડ પોસ્ટ અથવા કુરીયર દ્વારા પહોંચતી કરવાની રહેશે.

| ક્રમ | હોદ્દો | વિગતો | |
|---|---|---|---|
| ૧ | જીઆઈએસ એનાલીસ્ટ/સ્પેશિયાલીસ્ટ | લાયકાત | બેચલર્સ ડીગ્રી ઈન જીઓગ્રાફી/જીઓલોજી/જીઓઈન્ફોર્મેટીક્સ/ રીમોટ સેન્સિંગ અથવા સિવિલ એન્જીનિયરીંગ વિથ જીઆઈએસ/ રીમોટ સેન્સિંગ સર્ટિફિકેશન |
| | | અનુભવ | જીઆઈએસ અને રીમોટ સેન્સિંગ પ્રોજેક્ટ્સમાં ૩+ વર્ષનો સબંધિત અનુભવ ArcGIS, QGIS, AutoCAD Map, ERDAS Imagine વગેરેમાં નિપૂણ. ડિજિટાઈઝેશન, જીઓરેફરન્સિંગ, સ્પેશિયલ ડેટા એનાલિસિસ, મેપ ક્રીએશન અને સેટેલાઈટ ઈમેજરી, KML/KMZ અને શેપ ફાઈલ સાથે કામ કરવાનો અનુભવ. અર્બન મેપીંગ, મ્યુનિસિપલ જીઆઈએસ, ઈન્ફ્રાસ્ટ્રકચર એસેટ ટ્રેકીંગ અથવા સમાન ડોમેઈનમાં નોલેજ ઓફ સ્પેશિયલ ડેટાબેઝ (દા.ત.જીઓસર્વર, પોસ્ટજીઆઈએસ) |
| | | પગાર | માસિક ફિક્સ વેતન રૂ. ૫૦,૦૦૦/- |
| ૨ | આઈ ટી એક્ષપર્ટ | લાયકાત | બી.ઈ/બી.ટેક. ઈન કમ્પ્યુટર સાયન્સ/ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અથવા એમ.સી.એ અથવા સમકક્ષ |
| | | અનુભવ | ડેવેલોપમેન્ટ/કસ્ટમાઈઝેશન ઓફ વેબ-જીઆઈએસ એપ્લિકેશન્સ, સિસ્ટમ ઈન્ટીગ્રેશન, ડેટા બેઝ મેનેજમેન્ટ, સર્વર મેનેજમેન્ટ વગેરેમાં ૩+ વર્ષનો અનુભવ |
| | | પગાર | માસિક ફિક્સ વેતન રૂ. ૫૦,૦૦૦/- |

-:: શ ર તો ::-

(૧) નિમણૂંક પામનાર ઉમેદવારને અત્રેથી જે શરતો અને બોલીઓ જણાવવામાં આવે તે બંધનકર્તા રહેશે.
(૨) જે ઉમેદવાર અન્ય સંસ્થા (સરકારી કે બિનસરકારી સંસ્થા)માં હોય તેવા ઉમેદવારોએ સંસ્થાનું ના-વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.
(૩) સદર ભરતી માટે કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.જેને પડકારી શકાશે નહી.
(૪) ૪૫ વર્ષથી વધુ ન હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે.

(સહી) ડૉ.નરેન્દ્ર કુમાર મીના (I A S)
કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા

તા.૦૮/૦૯/૨૦૨૬ માહિતી-ભાવ-૬૧૯-૨૬




LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ **8** તા. ૦૮-૦૯-૨૦૨૬, મંગળવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

## ૪૨ કરોડના ખર્ચે નવી અત્યાધુનિક કલેક્ટર કચેરી તૈયાર: ૯૯% કામગીરી પૂર્ણ થતાં ટૂંક સમયમાં લોકાર્પણ કરાશે, મોટાભાગની સેવાઓ એક જ સંકુલમાં મળશે



તસવીર : ધવલ વાજા

ભાવનગરના વિદ્યાનગરમાં અંદાજે રૂ. ૪૨ કરોડના ખર્ચે ૧૦,૬૦૦ ચોરસ મીટર બાંધકામ વિસ્તાર ધરાવતી નવી અધ્યતન કલેક્ટર કચેરી તૈયાર થઈ ગઈ છે, જેનું ૯૯% કામ પૂર્ણ થતાં ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે. આ નવું સંકુલ કાર્યરત થતાં અરજદારોને અલગ-અલગ કચેરીઓએ ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને એક જ સ્થળેથી સરકારી સેવાઓ મળી રહેશે. આ કચેરીમાં કલેક્ટર કચેરી, જિલ્લા આયોજન, પુરવઠા, જમીન સંપાદન, સબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી), ભૂસ્તર શાસ્ત્રી, ડિઝાસ્ટર સેલ, **GSWAN**, પૂર્વ-પશ્ચિમ મામલતદાર કચેરી અને સીટી પ્રાંત સહિતની તમામ મહત્વની કચેરીઓનો સમાવેશ કરાયો છે. નવા સંકુલમાં વિશાળ પાર્કિંગ, ફાયર સેફ્ટી, એસી, લિફ્ટ, કેન્ટીન તેમજ દિવ્યાંગો માટે રેમ્પ, અલગ શૌચાલય અને વ્હીલચેર જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

## રસાલા કેમ્પમાં યુવક પર ઈંટો વડે હુમલો કરાયો

ભાવનગર,તા.૮

ભાવનગર શહેરના રસાલા કેમ્પ વિસ્તારમાં પૈસાના લેવડ-દેવડના મામલે બોલાચાલી બાદ એક યુવક પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે. ડી.એસ.પી. ઓફિસ સામે રહેતા વિજયભાઈ ઉર્ફે બલ્લુ ચંદુભાઈ શર્મા (ઉ.વ.૩૯) ની ઓફિસે ગઈકાલે તા.૭ના રોજ સાંજના સમયે આ બનાવ બન્યો હતો.

નિલમબાગ પોલીસ મથકમાં નોંધાવાયેલી ફરિયાદ મુજબ, વિજયભાઈને તેમના મિત્ર કલ્પેશભાઈ ઉર્ફે ભોડી ભોપાભાઈ ચાવડા સાથે પૈસાનો વહીવટ ચાલી રહ્યો હતો. છેલ્લા દસ દિવસથી નાણાં ન મળવાને કારણે કલ્પેશ અવારનવાર હેરાન પરેશાન કરી ગાળાગાળી કરતો હતો. બનાવના દિવસે કલ્પેશ ઓફિસે આવી ઝપાઝપી કરી ઉશ્કેરાઈ ગયો હતો અને રસ્તા પર પડેલું ઈંટડું ઉઠાવી હુમલો કર્યો હતો. આ દરમિયાન વચ્ચે પડેલા વિજયભાઈના ભાઈ ભાવેશને જમણા હાથે ઈજા થઈ હતી, જયારે વિજયભાઈના કપાળના ભાગે ઈંટ વાગવાથી ગંભીર લોહીલુહાણ ઈજા થઈ હતી અને બે ટાકા આવ્યા હતા.

ઘટના બાદ આરોપી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સર તખ્તસિંહજી (સર્ટી) હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ભોગ બનનાર વિજયભાઈની ફરિયાદના આધારે નીલમબાગ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તેમજ જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**પૈસાની લેતી-દેતીના મામલે થયો ડખો, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ**

## જન્મદિન શુભેચ્છા

## ભાવનગરના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણીયાનો આજે જન્મદિવસ



ભાવનગર-બોટાદ સંસદીય વિસ્તારના લોકપ્રિય સાંસદ તથા ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાનો આજે તા. ૮ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે. ભાવનગર મહાનગરપાલિકાના મેયર પદેથી પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર નીમુબેન આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી તરીકે સફળતાપૂર્વક જવાબદારી નિભાવી રહ્યા છે.

અત્યંત મિલનસાર અને સરળ સ્વભાવ ધરાવતા નીમુબેન બાંભણીયા 'ગ્રાઉન્ડ લેવલ'ના નેતા તરીકે જાણીતા છે અને વિસ્તારના દરેક કાર્યકર્તા તથા મતદારોમાં ભારે લોકપ્રિયતા ધરાવે છે. ભાવનગરની ટ્રેન સુવિધાઓ, વિમાની સેવાઓ તેમજ હોસ્પિટલોને લગતી સેવા-સુવિધાઓના સુધારા સહિત પોતાના સંસદીય ક્ષેત્રના વિકાસ અને લોકપ્રશ્નોના ઉકેલ માટે તેમના પ્રયાસો સતત હકારાત્મક અને પરિણામલક્ષી રહ્યા છે. નોંધનીય છે કે, ભાવનગરના કોઈ મહિલા નેતાને કેન્દ્ર સરકારમાં મંત્રી પદ મળ્યું હોય તેવા તેઓ પ્રથમ રાજનેતા છે. તેમને લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્મા તથા મીડિયા હાઉસ 'સૌરાષ્ટ્ર આસપાસ', 'સૌરાષ્ટ્ર આજતક' અને શો ટાઈમ પરિવારે જન્મદિવસની શુભકામનાઓ પાઠવી છે.

## મોંદા ગામે ઘરે સુતેલા વૃદ્ધા પર જીવલેણ હુમલો: બેભાન હાલતે ભાવનગર ખસેડાયા

**અજાણ્યા શખ્સે માથામાં તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી ફ્રેક્ચર કર્યું; મહુવા ગ્રામ્ય પોલીસે તપાસ હાથ ધરી**

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોંદા ગામમાં ઘર આંગણે સુતેલા એક વૃદ્ધા પર અજાણ્યા શખસે તીક્ષ્ણ કે ભારે હથિયાર વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે. મોંદા ગામે રહેતા ૬૨ વર્ષીય લલીતાબેન ઘનશ્યામભાઈ સનાણી ગત તારીખ ૫ સપ્ટેમ્બરની રાત્રે પોતાના ઘરના આંગણામાં સુતા હતા, તે દરમિયાન મોડી રાત્રે ૧૨:૦૦ થી સવારના ૭:૦૦ વાગ્યાના સમયગાળા વચ્ચે કોઈ અજાણ્યા ઈસમે ઘરમાં ઘૂસીને તેમના માથાના ભાગે જીવલેણ હુમલો કર્યો હતો.

સવારે પરિવારજનો અને સગા-સંબંધીઓ જયારે ઘરે પહોંચ્યા ત્યારે લલીતાબેન ખાટલામાં લોહીલુહાણ અને બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેમના માથાના કપાળના ભાગે તથા કાનની પાછળ કોઈ ધારદાર કે ભારે વસ્તુ વાગવાથી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધાને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોના જણાવ્યા અનુસાર તેમના માથાના ભાગે ફ્રેક્ચર થયેલું હોવાથી ઓપરેશન કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ બનાવ અંગે વૃદ્ધાના જેઠ ધીરૂભાઈ બચુભાઈ સનાણીએ મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં અજાણ્યા હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

## ગણેશોત્સવનું કાઉન્ટડાઉન : બજારમાં રજવાડી, લાલબાગચા રાજા, સોના-ડાયમંડ વર્કવાળી શ્રીજીની પ્રતિમાઓ ઉપલબ્ધ

ભાવનગર,તા.૮

વિઘ્નહર્તા શ્રી ગણેશજીની આરાધનાના મહાપર્વ ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ભાવનગર શહેરમાં ગણેશ ઉત્સવને લઈને ભારે ઉત્સાહ અને રોનક જોવા મળી રહી છે. શહેરના જવાહર મેદાન સહિતના વિવિધ વિસ્તારો અને મૂર્તિ બજારોમાં વિવિધ આકર્ષક તથા ઈકો-ફ્રેન્ડલી ગણપતિ મૂર્તિઓનું ભવ્ય આગમન થઈ ચૂક્યું છે. ભક્તો પોતાના ઘરમાં તથા સાર્વજનિક પંડાલોમાં સ્થાપના કરવા માટે મૂર્તિઓની પસંદગી અને ખરીદી અર્થે બજારમાં મોટી સંખ્યામાં અવરજવર કરી રહ્યા છે.



તસવીર : ધવલ વાજા

ભાવનગરના મૂર્તિ બજારમાં રૂ. ૨૦૦ થી લઈને રૂ. ૩૫,૦૦૦ સુધીની વિવિધ કદ, આકાર અને સુંદર ડિઝાઈનની ગણપતિ મૂર્તિઓ વેચાણ અર્થે ઉપલબ્ધ બની છે. કલકત્તાના નામાંકિત કારીગરો અને ભાવનગરના સ્થાનિક કલાકારોની અદ્ભુત કલાત્મકતાથી તૈયાર કરવામાં આવેલી આ મૂર્તિઓ શ્રદ્ધાળુઓનું ધ્યાન ખેંચી રહી છે. વિશેષ કરીને પરંપરાગત સાફા અને ચમકતા ડાયમંડ વર્કથી સજ્જ મૂર્તિઓ, પ્રસિદ્ધ 'લાલબાગચા રાજા' થીમ તથા ગંભીર અને ભવ્ય 'રજવાડી થીમ'ની મૂર્તિઓ ભારે આકર્ષણ જમાવી રહી છે. આ સિવાય કેટલીક ખાસ અને વિશિષ્ટ મૂર્તિઓમાં સોનાના વર્કનો પણ અત્યંત સુંદર ઉપયોગ કરવામાં આવ્યો છે.

વધતા જતા પર્યાવરણીય જાગરૂકતાના યુગમાં આ વર્ષે ભક્તોમાં ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ પ્રત્યે વિશેષ પસંદગી અને રસ જોવા મળી રહ્યો છે. મૂર્તિ નિર્માતાઓના જણાવ્યા અનુસાર, આ મોટાભાગની પ્રતિમાઓ સંપૂર્ણપણે ઈકો-ફ્રેન્ડલી સામગ્રીમાંથી તૈયાર કરવામાં આવી છે, જે પાણીમાં વિસર્જન કરતી વખતે સહજતાથી ઓગળી જાય છે. પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના ભક્તિભાવથી પર્વની ઉજવણી થાય તે હેતુથી લોકો પણ આ મૂર્તિઓને પ્રાધાન્ય આપી રહ્યા છે. વિવિધ કિંમત અને આકર્ષક ડિઝાઈનની મૂર્તિઓની આવકથી સમગ્ર મૂર્તિ બજાર ગણેશમય બની ગયું છે.

**રૂ. ૨૦૦ થી ૩૫ હજાર સુધીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ બજારમાં વેચાણ માટે આવી : કલકત્તા અને સ્થાનિક કલાકારો દ્વારા તૈયાર કરાયેલી પ્રતિમાઓ બની ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૮ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદશહેર, બોટાદ, દાહોદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વલસાડ, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૪ જિલ્લાઓ ભાવનગર, મહીસાગર, પંચમહાલ, વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર/મકાઇ | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર/મકાઇ | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ અમરેલી, ગીર સોમનાથ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૧ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, ડાંગ, ખેડા, મહેસાણા, નર્મદા, સાબરકાંઠા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ/બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ/બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |

સપ્ટેમ્બર -૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

➤ભાવનગર એરપોર્ટ પર નાઈટ લેન્ડિંગ માટે માર્ગ મોકળો થયો...

➤રાજુલા નજીક રેલ્વે ટ્રેક પર સિંહ આવી ચડતા ઈમરજન્સી બ્રેક મારી માલગાડીને રોકી દેવાઈ...

વાચો પાના નં ૭

